# ગ્રામ પંચાયતની ઘરદીવડી

(સંક્ષિપ્ત માર્ગદર્શિકા)

લેખકો :

ટી. યુ મહેતા

રમેશ મ. શાહ

ગુજરાત પંચાયતી રાજ વિકાસ સંગઠન,

અમદાવાદ

T. U. Mehta
Ramesh M. Shah
Gram Panchayat Ni Ghar divdi

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫ સપ્ટેમ્બર
પુનર્મુદ્રણ : ૧૯૯૫, ડીસેમ્બર (અંશતઃ સુધારેલી આવૃત્તિ)

કુલ પ્રત : ૩૦૦૦,
પડતર કિંમત : રૂ. ૬/-

પ્રાપ્તિસ્થાન :
ગુજરાત પંચાયતી રાજ વિકાસ સંગઠન
વિશ્વ વાત્સલ્ય કાર્યાલય,
હઠીભાઈની વાડી,
દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ - ૩૮૦૦૦૪.

પ્રકાશક :
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ, ગુંદી

ટા. સે. અક્ષરનિર્માણ
બી-૩૫, બંસીધર વિભાગ-૨
ડી. કેબિન, સાબરમતી, અમદાવાદ-૧૯

મુદ્રક : શિવકૃપા ઓફસેટ,
૨૭, અમૃત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
દુધેશ્વર, અમદાવાદ.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | આમુખ | ૫ |
| ૨ | ત્રિસ્તરીય માળખામાં અંદરોઅંદર સંબંધ | ૮ |
| ૩ | પંચાયતોમાં અનામત વ્યવસ્થા | ૧૦ |
| ૪ | સ્ત્રીઓ માટે અનામત વ્યવસ્થા | ૧૦ |
| ૫ | પછાત/દલિત વર્ગો માટે અનામત વ્યવસ્થા | ૧૧ |
| ૬ | સભ્યપદ માટેની લાયકાતો અને ગેરલાયકાતો | ૧૨ |
| ૭ | ગ્રામ પંચાયતની વહીવટી સત્તા અને ફરજો | ૧૬ |
| ૮ | તપાસ રીપોર્ટ | ૧૭ |
| ૯ | સોંપાયેલ સંસ્થાઓની વ્યવસ્થા | ૧૭ |
| ૧૦ | મકાન બાંધકામ ઉપર નિયંત્રણ | ૧૭ |
| ૧૧ | જાહેર જગ્યાઓ ઉપરનાં દબાણો | ૧૮ |
| ૧૨ | અનધિકૃત ભોગવટા બદલ ભાડું વસુલ કરવા બાબત | ૧૯ |
| ૧૩ | જગાઓને નંબર આપવા બાબત | ૧૯ |
| ૧૪ | પંચાયતની અન્ય સત્તા, અધિકાર અને ફરજો | ૧૯ |
| ૧૫ | ગ્રામ પંચાયતની મિલકત અને ફંડ | ૨૧ |
| ૧૬ | મિલ્કતની તબ્દીલી કરવાની મર્યાદા | ૨૨ |
| ૧૭ | ગામફંડ | ૨૨ |
| ૧૮ | ગામફંડનો ઉપયોગ | ૨૩ |
| ૧૯ | પંચાયત સામેના અગર પંચાયતે કરેલા દાવા બાબત | ૨૩ |
| ૨૦ | જીલ્લા વિકાસ ફંડમાં ફાળો | ૨૩ |

| | | |
|---|---|---|
| ૨૧ | વાર્ષિક અંદાજપત્ર | ૨૪ |
| ૨૨ | સુધારેલ / પૂરક અંદાજપત્ર | ૨૫ |
| ૨૩ | તાકીદના પ્રસંગનો ખર્ચ | ૨૫ |
| ૨૪ | આવક - ખર્ચના હિસાબ | ૨૫ |
| ૨૫ | વહીવટી રીપોર્ટ | ૨૫ |
| ૨૬ | ઓડિટ | ૨૫ |
| ૨૭ | સમિતિઓની રચના | ૨૭ |
| ૨૮ | સરપંચની સત્તા, અધિકાર અને ફરજો | ૨૯ |
| ૨૯ | ઉપસરપંચની સત્તા, અધિકાર અને ફરજો | ૩૧ |
| ૩૦ | ગ્રામસભા | ૩૨ |
| ૩૧ | ઢોરડબ્બા | ૩૨ |
| ૩૨ | પંચાયત સેક્રેટરીનાં કાર્યો અને ફરજો | ૩૪ |
| ૩૩ | પંચાયત સેક્રેટરી ઉપર સરપંચનો અંકુશ | ૩૭ |
| ૩૪ | પંચાયતની સભા બોલાવવાની પદ્ધતિ | ૩૮ |
| ૩૫ | સભા સંચાલન | ૩૯ |
| ૩૬ | આર્થિક વ્યવસ્થા | ૪૧ |
| ૩૭ | મહિલા સરપંચે લેવા જેવા પગલાં | ૪૩ |
| ૩૮ | સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા | ૪૪ |
| ૩૯ | પંચાયતી રાજના વિકાસમાં રસ ધરાવતી સ્વૈચ્છિક સંસ્થાઓની યાદી | ૪૪ |
| ૪૦ | સરકારને સૂચવવાનાં પગલાં | ૪૮ |
| ૪૧ | મૂળગામી ફેરફારો માટે સરકારને સૂચનો | ૫૦ |
| ૪૨ | પંચાયત ધારાની અનુસૂચિ - ૧ | ૫૨ |
| ૪૩ | આવેદનપત્રનો ટૂંક સાર | ૬૧ |
| ૪૪ | લેવા જેવો સંકલ્પ | ૬૪ |

# આમુખ

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ અન્વયે ગુજરાતમાં પંચાયતી રાજ સને ૧૯૬૩ થી અમલમાં આવ્યું. ૭૩મા બંધારણીય સુધારા અન્વયે ગુજરાતની પંચાયતી રાજ વ્યવસ્થામાં કેટલાક મહત્વના ફેરફાર કરવાની જરૂરિયાત ઉપસ્થિત થઈ. આથી ગુજરાતનો પંચાયત ધારો નવેસર ઘડીને તેને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ તરીકે અમલમાં મૂકવામાં આવ્યો. આ નવા ધારાની ખૂબ મહત્વની જોગવાઈ પ્રમાણે ત્રણેય સ્તરની પંચાયતોમાં ત્રીજા ભાગની બેઠકો તથા ત્રીજા ભાગનાં અધ્યક્ષપદો સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવેલ છે. વળી કૂલ બેઠકોમાં અનુસૂચિત જાતિ (હરિજન) અને અનુસૂચિત જનજાતિ (આદિવાસી) માટે તેમની વસ્તીના પ્રમાણમાં અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત (બક્ષીપંચ) જાતિ માટે ૧૦ ટકા બેઠકો અનામત રાખવામાં આવેલ છે. ઉપરાંત ત્રણેય સ્તરની પંચાયતોના અધ્યક્ષપદોમાં પણ અ.જા. અને અ.જ.જા માટે તેમની વસ્તીના પ્રમાણમાં અને બક્ષીપંચની જાતિ માટે ૧૦ ટકા પદો અનામત રાખવામાં આવેલ છે.

આ જોગવાઈઓનો અમલ ચાલુ થઈ ગયેલ હોઈ ગુજરાતની ત્રણેય સ્તરની પંચાયતોમાં કુલ બેઠકોના ત્રીજા ભાગની બેઠકો ઉપર સ્ત્રી સભ્યો ચૂંટાઈ છે. તથા ત્રીજા ભાગનાં અધ્યક્ષપદો ઉપર પણ સ્ત્રીઓ જ હોદો સંભાળી રહી છે. વળી સમગ્ર રાજ્યમાં પંચાયતોની ૧૦ ટકા બેઠકો ઉપર બક્ષીપંચના સભ્યો ચૂંટાઈ આવ્યા છે. આ જ ટકાવારી પ્રમાણેનાં અધ્યક્ષપદો પણ હરિજન, આદીવાસી અને બક્ષીપંચની વ્યક્તિઓએ સંભાળી લીધાં છે.

આ એક અભૂતપૂર્વ પરિસ્થિતિ છે. પંચાયતી રાજના ઈતિહાસમાં ક્યારેય આટલા મોટા પ્રમાણમાં સ્ત્રીઓએ અને પછાત/દલિત વર્ગની

વ્યક્તિઓએ સભ્યો તરીકે અને અધ્યક્ષો તરીકે કાર્યભાર સંભાળેલ નથી. એમાંયે રૂઢિચુસ્ત, પુરૂષ વર્ચસ્વી અને ભદ્રવર્ગીય આગેવાનીના સકંજામાં રહેલી ગ્રામીણ જનતા માટે તો આ સાવ નવતર પ્રયોગ છે. એટલે લગભગ દરેક મહિલા સરપંચને માટે તથા પછાત/દલિત વર્ગના સરપંચો માટે તેમનો આ કાર્યભાર સાવ નવો અનુભવ હશે. ગામ પંચાયતના સભ્યો તરીકેનો અનુભવ પણ ઘણાને માટે નવો હશે. આથી આ નવા સભ્યો અને હોદેદારોને ઉપયોગી થાય તેવી માહિતી તથા કેટલીક કાયદાકીય જોગવાઈઓની સરળ સમજુતિ આપતી એક નાનકડી પુસ્તિકા તૈયાર કરવી એવો વિચાર ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ અને ગુજરાત બિરાદરીના અગ્રણીઓને સ્ફુર્યો. તેના પરિપાકરૂપે આ પુસ્તિકા તૈયાર થઈ છે. રોજબરોજના ઉપયોગમાં આવતી ન હોય તેવી વિગતો બાજુએ રાખીને તથા ધારાના વિવિધ પ્રબંધોની ધારાકીય અસરને લગતા પ્રશ્નો પણ બાજુએ રાખી સાદી ભાષામાં ખપ પૂરતા પ્રબંધોને સમજાવવાનો પ્રયત્ન અત્રે કરવામાં આવ્યો છે. પુસ્તિકામાં યથાસ્થાને ધારાકીય કલમોનો નિર્દેશ કરેલ છે તેથી તે પ્રશ્ન બાબત આખરી નિર્ણય લેતાં પહેલાં ધારાની જે તે કલમ વાંચી, તેનો અભ્યાસ કર્યા બાદ અને જરૂર પડ્યે નિષ્ણાતની સલાહ લીધા બાદ નિર્ણય લેવો સલાહકારી છે. કારણ કે આ પુસ્તિકાના ધારાકીય વિભાગનો હેતુ અગત્યની કલમોમાં રહેલ સિધ્ધાંતોનો ઉપરછલ્લો પરિચય આપવા પૂરતો મર્યાદિત છે.

ગામ પંચાયતના નવા સભ્યો અને ખાસ કરીને નવા હોદેદારોને તેમની ફરજ બજાવવામા કંઈક માર્ગદર્શનરૂપ માહિતી સરળ ભાષામાં મળી રહે તથા પંચાયતી રાજના વિકાસમાં રસ ધરાવતી સ્વૈચ્છિક સંસ્થાઓને પણ ઉપયોગી થાય તેવી રીતે આ પુસ્તિકાનું આયોજન કરવામાં આવ્યું છે. વળી પંચાયતી રાજના સ્વસ્થ વિકાસ માટે સરકારે કેટલાંક વહીવટી પગલાં લેવાની જરૂર છે તેમજ કેટલાક મૂળગામી ફેરફારો કાયદામાં અને નિયમોમાં કરવાની જરૂર હોઈ સરકારને તે અંગે કેટલાક

સૂચનો કરેલ છે તે પણ આ પુસ્તિકામાં આપેલ છે.

પંચાયતી રાજ વ્યવસ્થાનો મૂળભૂત ઉદેશ તો ત્રણેય સ્તરની પંચાયતો પક્ષીય રાજકારણથી પર રહીને ગ્રામ સ્વાવલંબન સાધી શકે અને સ્વસ્થ અને સુગ્રથિત શોષણહીન ગ્રામસ્વરાજ સ્થાપી શકે તે દિશામાં કાર્યરત થવાનો છે. આ માપદંડથી માપતાં ગુજરાતનો પંચાયત ધારો ઘણો ઉણો ઉતરે છે. સાચો ઉદેશ સિધ્ધ કરવા માટે સને ૧૯૯૩માં ગુજરાત પંચાયતી રાજ વિકાસ સંગઠને રાજ્ય સરકાને એક આવેદન પત્ર સુપ્રત કર્યું હતું. આ આવેદનપત્ર મહદઅંશે અત્યારે પણ પ્રસ્તુત છે. તેથી તેનો ટૂંકો સાર પણ આ પુસ્તિકામાં આપવામાં આવેલ છે જેથી રસ ધરાવતી વ્યક્તિઓને અને સંગઠનોને યોગ્ય દિશામાં પુરુષાર્થ કરવામાં સહાયક થઈ શકે.

ગુજરાત પંચાયતી રાજ વિકાસ સંગઠનના પ્રમુખ અને મંત્રી અનુક્રમે સર્વશ્રી **ટી. યુ. મહેતા અને રમેશ મ. શાહે** ખૂબ જહેમત ઉઠાવીને આ પુસ્તિકા તૈયાર કરી આપી છે. વળી એડવોકેટ **શ્રી જે. જે. યાજ્ઞિક** અને અમારા સાથી **શ્રી કલ્યાણભાઈ શાહે** પણ પુસ્તિકા તૈયાર કરવામાં ઘણાં ઉપયોગી સૂચનો કર્યા હતાં. પુસ્તિકાના ઉપર્યુક્ત લેખકો અને આ મિત્રોનો અત્રે સહર્ષ ઋણસ્વીકાર કરીએ છીએ.

આશા છે કે આ પુસ્તિકાનો વ્યાપક ઉપયોગ પંચાયતી રાજના સ્વસ્થ વિકાસમાં તેનો નમ્ર ફાળો નોધાવશે.

અરવિંદભાઈ દેસાઈ — અંબુભાઈ શાહ

પ્રમુખ, ગુજરાત બિરાદરી — ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ

**કેન્દ્રીય સરકારમાં બેઠેલા ૨૦ માણસોથી ચાલતા તંત્રને સાચી લોકશાહી ન કહેવાય. લોકશાહી તો છેક નીચલા સ્તરથી ચાલવી જોઈએ. અર્થાત દરેક ગામડાના લોકો જ લોકશાહીનું સાચું ચાલક બળ બની શકે**

**- મહાત્મા ગાંધી**

# ત્રિસ્તરીય માળખાના અંદરોઅંદરના સંબંધ

ગુજરાતની પંચાયતી રાજ વ્યવસ્થા ઉત્રેવડ જેવી છે. એટલે કે એક ઉપર બીજી અને બીજી ઉપર ત્રીજી પંચાયત. વસ્તુતઃ ગ્રામ પંચાયત તા. પં. અને જી. પં. બંનેને આધિન છે અને તાલુકા પંચાયત એ જીલ્લા પંચાયતને આધિન હોય છે. આના થોડાક દાખલા જોઈએ.

(૧) પોતાની હકુમત બહાર તબીબી સહાય કે શિક્ષણ માટે ગ્રામ પંચાયત જીલ્લા પંચાયતની પૂર્વ મંજુરી લઈને જ ખર્ચ કરી શકે છે. (ક. ૧૦૦)

(૨) મકાન બાંધકામ કરવાની પરવાનગી ગ્રામ પંચાયત કોઈ વ્યક્તિને આપે નહિં તો તેની સામે તાલુકા પંચાયતમાં અપીલ થઈ શકે. (ક. ૧૦૪)

(૩) કલમ ૧૧૦ અન્વયે રૂ. એક લાખની કિંમત સુધીની પોતાની સ્થાવર મિલ્કત ભાડા પટેથી કે વેચાણથી કોઈને ગ્રામ પંચાયત જિલ્લા વિકાસ અધિકારીની પૂર્વ મંજુરી થી જ આપી શકે.

(૪) જે ગ્રામ પંચાયતની આવક તેની ફરજો બજાવવા માટે અપૂરતી હોય તેવી પંચાયતને તેની કર વધારવાની ફરજ પાડવાની સત્તા તાલુકા પંચાયતને છે. (ક. ૨૦૪)

(૫) ગ્રામ પંચાયત કે તાલુકા પંચાયતના કોઈ હુકમ કે નિર્ણય વિરુધ્ધ જીલ્લા પંચાયતને અપીલ થઈ શકે. (ક. ૨૪૨)

(૬) ક. ૨૪૮ અન્વયે પોતાના તાબા હેઠળની ગ્રામ પંચાયત કે તાલુકા પંચાયતના મહેકમની સંખ્યામાં ઘટાડો કરવા અથવા મહેનતાણાની રકમમાં ઘટાડો કરવા માટેનો આદેશ જીલ્લા પંચાયત આપી શકે છે.

(૭) ક. ૨૪૯ હેઠળ કોઈ ગ્રા. પં.નું કોઈ પગલું કે કાર્ય કાયદા વિરૂધ્ધનું છે તેવું તા. વિ. અધિકારીને જણાય તો તેવા પગલા કે કાર્ય ઉપર પ્રતિબંધ મૂકી શકશે.

(૮) ક. ૨૫૦ હેઠળ લોકોના સ્વાસ્થ્ય અથવા સલામતિ માટે તાત્કાલિક કરવા જેવી કામગીરી તા.વિ. અધિકારી કરાવી શકશે અને તેનો ખર્ચ સંબંધિત ગ્રા. પં. પાસેથી વસુલ કરી શકશે.

(૯) ગ્રામ પંચાયતે પોતાનું બજેટ ચકાસણી માટે તાલુકા પંચાયતને મોકલવાનું હોય છે. (ક. ૧૧૬)

(૧૦) ઓડિટ નોટની પૂર્તતા પણ ગ્રામ પંચાયતે તાલુકા પંચાયત મારફતે ક્લેક્ટરને મોકલવાની હોય છે. (ક. ૧૨૧)

(૧૧) આવા જ પ્રકારની બાબતોમાં પંચાયત ધારાની વિવિધ કલમો અન્વયે તાલુકા પંચાયતો પણ જીલ્લા પંચાયતોને આધિન હોય છે.

**સત્તાનાં ઉચ્ચાલનો સીધેસીધા લોકોના હાથમાં હોય એવા વિકેન્દ્રીત માળખામાં જ લોકશાહી સલામત રીતે પાંગરી શકે.**

**- જયપ્રકાશ નારાયણ**

# પંચાયતોમાં અનામત વ્યવસ્થા

ગુજરાતના નવા પંચાયત ધારાની સૌથી મહત્વની નવીન જોગવાઈથી પ્રારંભ કરીને. એટલે કે સ્ત્રીઓ માટે ત્રણેય સ્તરની પંચાયતોમાં ત્રીજા ભાગની બેઠકો અને અધ્યક્ષપદોમાં અનામત તેમજ દલિત/પછાત વર્ગની વ્યક્તિઓ માટે પણ બેઠકોમાં તથા હોદ્દાઓમાં અનામત વ્યવસ્થાની જાણકારીથી આરંભ કરીએ.

**પંચાયતમાં સ્ત્રીઓ માટે અનામત વ્યવસ્થા**

૭૩મા બંધારણીય સુધારાની સૂચનાઓને અમલમાં મૂકવા માટે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩માં સ્ત્રીઓ માટે પંચાયતોમાં નીચે પ્રમાણેની અનામત વ્યવસ્થા કરવામાં આવી છે.

**બેઠકોમાં અનામત (કલમ : ૯,૧૦,૧૧)**

ગામ પંચાયત, તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયત એમ ત્રણેય સ્તરની પંચાયતોમાં ત્રીજા ભાગની બેઠકો સ્ત્રીઓ માટે અનામત છે. તેની ફાળવણી નીચે પ્રમાણે છે.

(૧) હરિજનો માટેની અનામત બેઠકોમાં ત્રીજા ભાગની બેઠકો હરિજન સ્ત્રીઓ માટે અનામત.

(૨) આદિવાસી માટેની અનામત બેઠકોમાં ત્રીજા ભાગની બેઠકો આદિવાસી સ્ત્રીઓ માટે અનામત.

(૩) બક્ષીપંચ માટેની અનામત બેઠકોમાં ત્રીજા ભાગની બેઠકો બક્ષીપંચ સ્ત્રીઓ માટે અનામત.

(૪) બાકી રહેતી બેઠકોમાં ત્રીજા ભાગની બેઠકો સ્ત્રીઓ માટે અનામત.

(૫) આ અનામત જગાઓ પંચાયતોના જુદા જુદા વોર્ડમાં ફરતી રાખવામાં આવશે.

**અધ્યક્ષપદોમાં અનામત (કલમ : ૫૧,૬૩,૭૭)**

ત્રણેય સ્તરની પંચાયતોના અધ્યક્ષપદોમાં (સરપચ, તા.પં.

પ્રમુખ, જી. પં. પ્રમુખ) ત્રીજા ભાગનાં પદો સ્ત્રીઓ માટે અનામત છે. તેની ફાળવણી નીચે પ્રમાણે છે.

(૧) હરિજનો માટેનાં અનામત અધ્યક્ષપદોમાં ત્રીજા ભાગનાં પદો હરિજન સ્ત્રીઓ માટે અનામત.

(૨) આદિવાસીઓ માટેનાં અનામત અધ્યક્ષપદોમાં ત્રીજા ભાગનાં પદો આદિવાસી સ્ત્રીઓ માટે અનામત.

(૩) બક્ષીપંચ માટેનાં અનામત અધ્યક્ષપદોમાં ત્રીજા ભાગનાં પદો બક્ષીપંચની સ્ત્રીઓ માટે અનામત.

(૪) બાકી રહેતાં અધ્યક્ષપદોમાં ત્રીજા ભાગનાં પદો સ્ત્રીઓ માટે અનામત.

(૫) આ અનામત પદો જુદી જુદી પંચાયતોમાં ફરતાં રાખવામાં આવશે.

**પંચાયતોમાં પછાત/દલિત વર્ગો માટે અનામત વ્યવસ્થા**

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩માં પછાત/દલિત વર્ગો માટે પંચાયતોમાં નીચે પ્રમાણેની અનામત વ્યવસ્થા રાખવામાં આવી છે.

**બેઠકોમાં અનામત (કલમ ૯,૧૦,૧૧)**

(૧) ત્રણેય સ્તરની પંચાયતોમાં હરિજન અને આદિવાસીઓ માટે તેમની વસ્તીના પ્રમાણમાં અને બક્ષીપંચ જાતિ માટે ૧૦ ટકા બેઠકો અનામત.

(૨) આ અનામત જગાઓ પંચાયતના જુદા જુદા વોર્ડોમાં ફરતી રાખવામાં આવશે.

**અધ્યક્ષપદોમાં અનામત (કલમ ૫૧,૬૩,૭૭)**

(૧) ત્રણેય સ્તરની પંચાયતોના અધ્યક્ષપદોમાં હરિજન અને આદિવાસીઓ માટે તેમની વસ્તીના પ્રમાણમાં અને બક્ષીપંચ જાતિ માટે ૧૦ ટકા પદો અનામત.

(૨) આ અનામત પદો જુદી જુદી પંચાયતોમાં ફરતાં રાખવામાં આવશે.

# સભ્યપદ માટેની લાયકાત અને ગેરલાયકાત

## લાયકાત

પંચાયતના સભ્ય થવા માટે નીચેની લાયકાત હોવી જરૂરી છે.

(૧) પંચાયતની મતદાર યાદીમાં ઉમેદવારનું નામ હોવું જોઈએ.

(૨) ઉમેદવાર ૨૧ વર્ષની ઉંમરે પહોંચી ગયેલ હોવો જોઈએ.

(કલમ - ૨૮)

## ગેરલાયકાત (કલમ - ૩૦)

નીચેની વ્યક્તિઓમાંથી કોઈ વ્યક્તિ પંચાયતની સભ્ય થઈ શકશે નહિ. અથવા જો તે ચાલુ સભ્ય હશે તો તેવા સભ્ય તરીકે ચાલુ રહી શકશે નહિ :-

(૧) જે વ્યક્તિ નાગરિક હક્ક સંરક્ષણ ધારા હેઠળ અસ્પૃશ્યતા બાબતમાં ગુનેગાર ઠરી હોય અથવા નશાબંધી અધિનિયમ હેઠળ દારૂબંધીના ભંગ બદલ ગુનેગાર ઠરી હોય અને આ ગુનાઓ માટે દોષિત ઠર્યા પછી પાંચ વર્ષની મુદત પૂરી થઈ ન હોય તેવી વ્યક્તિ.

(૨) બીજા કોઈ ગુના માટે છ માસ કે તેથી વધારે મુદતની કેદની સજા થઈ હોય અને કેદમાંથી છુટ્યા પછી પાંચ વર્ષની મુદત પૂરી થઈ ન હોય.

(૩) કોર્ટે અસ્થિર મગજની ઠરાવી હોય તેવી વ્યક્તિ.

(૪) કોર્ટે નાદાર ઠરાવી હોય તેવી વ્યક્તિ.

(૫) પંચાયત ધારા હેઠળ જે વ્યક્તિને તેના હોદ્દા ઉપરથી દૂર કરી હોય અને તેમ થયાને પાંચ વર્ષની મુદત પૂરી થઈ ન હોય તેવી વ્યક્તિ.

(૬) પંચાયત ધારા અન્વયે ગેરલાયક ઠરાવેલી વ્યક્તિની ગેરલાયકાતની મુદત પૂરી થઈ ન હોય તેવી વ્યક્તિ.

(૭) પંચાયતના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ તથા પંચાયતની કોઈ સમિતિના અધ્યક્ષ સિવાયનો કોઈ પગારદાર હોદો અથવા લાભવાળી જગા ધરાવતી હોય તેવી વ્યક્તિ.

(૮) પંચાયતના કોઈ નોકર સાથે લોનની લેવડદેવડમાં સીધી કે પરોક્ષ રીતે હિસ્સો કે હિત સંબંધ ધરાવતી હોય તેવી વ્યક્તિ.

(૯) વિદેશી રાજ્યનો નાગરિક હોય તેવી વ્યક્તિ.

(૧૦) પંચાયત ધારાની બીજી કોઈ જોગવાઈ હેઠળ ગેરલાયક ઠરાવી હોય અને ગેરલાયકાતની મુદત પૂરી થઈ હોય નહિ તેવી વ્યક્તિ.

(૧૧) પંચાયતના કોઈ કામમાં કે કરારમાં અથવા પંચાયત હેઠળની નોકરીમાં સીધી કે પરોક્ષ રીતે હિસ્સો કે હિતસંબંધ ધરાવતી હોય તેવી વ્યક્તિ પંચાયતની સભ્ય થઈ શકશે નહિ.

આમ છતાં નીચેની વ્યક્તિ આ પેટા કલમ હેઠળ ગેરલાયક ગણાશે નહિં.

(ક) કોઈ જોઈંટસ્ટોક કંપની કે મંડળીને પંચાયત કામે રાખે તેની સાથે હિત ધરાવતી વ્યક્તિ.

(ખ) પંચાયતે જે છાપામાં જાહેરખબર આપી હોય તેવા

છાપામાં હિતસંબંધ ધરાવતી વ્યક્તિ.

(ગ) પંચાયતે કાઢેલા ડિબેંચર/લોનમાં હિત સંબંધ ધરાવતી વ્યક્તિ.

(ઘ) પંચાયતે વકીલ તરીકે રોકેલ હોય તેવી વ્યક્તિ.

(ચ) પંચાયતની કોઈ સ્થાવર મિલ્કતની ખરીદી કે વેચાણમાં હિત સંબંધ ધરાવતી હોય તેવી વ્યક્તિ.

(છ) પોતાની દુકાનેથી પ્રસંગોપાત્ત પંચાયતને કોઈ ચીજ વસ્તુ વેચી હોય અને કોઈ પણ વર્ષમા આવી વેચેલ ચીજવસ્તુનું કિંમત રૂપિયા એક હજારથી વધતી ન હોય તેવી વ્યક્તિ.

(જ) પંચાયતની નોકરીમાં હોય તેવી વ્યક્તિનો સગો થતો હોય તેવી વ્યક્તિ.

આવા કારણસર કોઈ વ્યક્તિ પંચાયતનો સભ્ય થવા માટે રલાયક ગણાશે નહિ.

૧૨) ગામ પંચાયત, તાલુકા પંચાયત કે જીલ્લા પંચાયતની લેણી નીકળતી કોઈ બાકી રકમ અથવા પંચાયત ધારાના પ્રકરણ ૧૦ અનુસાર તેની પાસેથી વસુલ કરવાની કોઈ રકમ તેને નિયમ અનુસાર ખાસ નોટીસ બજાવ્યા પછી ત્રણ મહિનાની અંદર ભરી ન હોય તેવી વ્યક્તિ પંચાયતનો સભ્ય થઈ શકશે નહિં.

(ક) આમ છતાં કોઈ વ્યક્તિએ પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારી માટે ઠરાવેલ દિવસ પહેલાં આવી લેણી નીકળતી રકમ ભરી દીધી હોય તો તે ગેરલાયક ગણાશે નહિ.

(ખ) વળી અવિભક્ત કુટુંબની વ્યક્તિ એ જ કુટુંબના બીજા કોઈ સભ્ય પાસેથી નીકળતી પંચાયતની લેણી રકમ માટે પણ ગેરલાયક ઠરશે.

(૧૩) સરકારનો નોકર કે સ્થાનિક સંસ્થાનો નોકર હોય તેવી વ્યક્તિ પણ પંચાયતનો સભ્ય થઈ શકશે નહિ.

(૧૪) વળી ગુજરાત પક્ષાંતર બદલ સ્થાનિક સત્તામંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવા માટે અધિનિયમ, ૧૯૮૬ હેઠળ તાલુકા પંચાયત અથવા જીલ્લા પંચાયતના સભ્ય થવા માટે ગેરલાયક ઠરી હોય તેવી વ્યક્તિ પણ તેવા સભ્ય તરીકે હોદ્દો ધરાવતી બંધ થશે.

ઉપરાંત કલમ ૩૨ની જોગવાઈ મુજબ પંચાયતમાં ચૂંટાયા પછી કોઈ વ્યક્તિ કલમ ૩૦માં જણાવેલી ગેરલાયક વ્હોરે તો તેવો સભ્ય પંચાયતના સભ્ય તરીકે ચાલુ રહેવા માટે અસમર્થ થશે અને તેનો હોદ્દો ખાલી પડશે.

આ રીતે સભ્યની જગા ખાલી પડી છે કે નહિ તેનો નિર્ણય યોગ્ય સત્તાધિકારી કરશે.

# ગ્રામ પંચાયતની વહીવટી સત્તા અને ફરજો

(૧) પંચાયત ધારાના છેડે આપેલી અનુસૂચિ - ૧મા જે બાબતો જણાવેલી છે તે પૈકીની બાબતો અંગે પોતાના નાણાંકીય સાધનોની મર્યાદા અને ગામની જરૂરિયાત ધ્યાનમાં રાખીને યોગ્ય જોગવાઈ કરવાની પંચાયતની ફરજ છે. (કલમ-૯૯)

ખાસ કરીને પંચાયતે આરોગ્ય અંગેની સગવડો, સામાજિક, આર્થિક કે સાંસ્કૃતિ કલ્યાણ તેમજ માધ્યમિક શિક્ષણ સહિતના શિક્ષણ માટે જોગવાઈ કરવી જોઈએ. મુખ્યત્વે પીવાના પાણીની વ્યવસ્થા, ગામની સફાઈ, શેરીઓમાં દિવાબત્તીની વ્યવસ્થા તરફ ખાસ ધ્યાન રાખવુ જોઈએ (કલમ-૧૦૦)

(૨) ગ્રામ પંચાયતે પોતાની હકુમત બહારના વિસ્તારમાં ખર્ચ કરવું હોય તો તે શિક્ષણ અથવા તબીબી સહાય અર્થે હોવું જોઈએ. જીલ્લા પંચાયતની પૂર્વ મંજુરી મેળવીને જ આવું ખર્ચ કરી શકાય.

(૩) કુલ સભ્યોના ૨/૩ ભાગના ટેકાથી વિસ્તારકમાંના જાહેર સમારંભોમાં ફંડફાળો આપી શકશે. (કલમ-૧૦૦)

(૪) જો બેદરકારી કે તકરારના કારણે કોઈ જમીનની ખેતીને ઘણુ જ નુકસાન થતું માલુમ પડે તો યોગ્ય અધિકારીને તે બાબતની જાણ કરી શકશે. (કલમ-૧૦૦)

(૫) અનુસૂચિત જાતિ, આદિજાતિ અને પછાત વર્ગના ઉત્કર્ષ માટે તથા અસ્પૃશ્યતા નિવારણ માટે રાજ્ય સરકારે આપેલા આદેશોનો અમલ પંચાયતે કરવો જોઈશે. જો કોઈ પંચાયત આ ફરજ બજાવવામાં ચૂક કરશે તો પંચાયતને મળતી સમગ્ર ગ્રાન્ટ અથવા તે પૈકીની કોઈ ગ્રાન્ટ અપાતી બંધ કરવાની રાજ્ય સરકારને સત્તા છે. (કલમ-૧૦૦)

(૬) કોઈ પણ દાવા સંબંધમાં સમાધાન કરવાની સત્તા છે. (ક. ૧૦૧)

**તપાસ રીપોર્ટ :**

૭) કોઈ સ્થાનિક તપાસ માટે મેજીસ્ટ્રેટનો આદેશ થયો હોય તેમાં તપાસ કરવાની સત્તા છે.

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૫ નીચેની ભરણ પોષણની અરજીમાં કેટલી રકમ અપાવી જોઈએ તે અંગેનો રીપોર્ટ મેજીસ્ટ્રેટ મંગાવે તો તેવો રીપોર્ટ મોકલવો જોઈએ અને તેવો રીપોર્ટ પુરાવા તરીકે ગણાશે. (ક. ૧૦૨)

**સોંપાયેલ સંસ્થાઓની વ્યવસ્થા :**

(૮) તાલુકા અથવા જીલ્લા પંચાયતે ગ્રામ પંચાયતને સોંપેલી સંસ્થાઓની વ્યવસ્થા કરવા જો પંચાયત કબુલ થાય તો તે અંગેની વ્યવસ્થા ગ્રામ પંચાયતે કરવાની હોય છે. આ અંગેના ખર્ચના પૈસા જે તે તાલુકા કે જીલ્લા પંચાયતે ગ્રામ પંચાયતના હસ્તક મૂકવા જોઈએ. (ક. ૧૦૩)

**મકાન બાંધકામ ઉપર નિયંત્રણ :**

(૯) કલમ ૧૦૪માં આ અંગે વિસ્તૃત પ્રબંધો છે જે ટૂંકમાં નીચે મુજબ છે

(૧) પંચાયતની પૂર્વ મંજુરી વિના કોઈ પણ વ્યક્તિ પોતાની માલિકીના પ્લોટમાં બાંધકામ કરી શકે નહિ.

(૨) પરવાનગી માંગ્યાના એક માસની અંદર પંચાયત નિર્ણય કરે નહીં તો પરવાનગી મળી છે તેવું અનુમાન થાય.

(૩) પરવાનગી ન મળે તો ત્રીસ દિવસમાં તાલુકા પંચાયતને અપીલ કરી શકાય.

(૪) પરવાનગી મળ્યા પછી એક વર્ષની અંદર બાંધકામ શરૂ કરી દેવું જોઈએ. જો આવું ન કર્યું હોય તો નવેસર પરવાનગી માગવી પડે.

(૫) પરવાનગી વિરુધ્ધના બાંધકામ માટે રૂ. ૨૦૦નો દંડ થઈ શકે

છે. વળી પરવાનગી વગરનું બાંધકામ તોડી પાડવાને પાત્ર બને છે.

(૯) ઉપરના પ્રબંધો જાહેર હેતુ માટે બંધાતા કે વપરાતા બાધકામ માટે અગર રાજ્ય કે કેન્દ્ર સરકારના અગર સ્થાનિક સત્તા મંડળની મિલ્કતને લાગુ થતા નથી.

**જાહેર જગ્યાઓ ઉપરનાં દબાણો :**

(૧૦) કલમ ૧૦૫માં આ અંગે વિસ્તૃત પ્રબંધો છે જેમાંના અગત્યના નીચે મુજબ છે.

(૧) ગામની હદની અંદર જાહેર રસ્તા કે જાહેર જગા ઉપર આવેલી ખુલ્લી મોરી, ગટર અથવા પાણીના માર્ગ ઉપર કોઈ પણ વ્યક્તિ બાંધકામ કરે, વસ્તુ મૂકે, નડતર કરે અથવા બહાર નીકળતું બાંધકામ મંજુરી વિના કરે, કે તે અંગેની શરતોનો ભંગ કરે તો આવું દબાણ દૂર થવાને પાત્ર બને છે અને પંચાયત માલિકના ખર્ચે આવું દબાણ યોગ્ય નોટીસ આપીને દૂર કરી શકે છે. વળી આવું દબાણ દંડને પણ પાત્ર છે. અમુક શરતોને આધિન રહીને બાંધકામ ચાલુ રાખવાની પરવાનગી પણ પંચાયત આપી શકે છે.

(૨) કોઈ પણ ખુલ્લા સ્થાનમાંથી અનધિકૃત રીતે માટી, રેતી કે બીજા પદાર્થો કોઈ વ્યક્તિ લઈ જાય અથવા દબાણ કરે તો તેવી વ્યક્તિ દંડને પાત્ર બને છે. વળી આવા ગુના બદલ પ્રથમ દોષિત ઠર્યાની તારીખ પછી જેટલા દિવસ સુધી તેનું દબાણ કે અનધિકૃત ઉપયોગ ચાલુ રહે તે દરેક દિવસ માટે પચ્ચીસ રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા થશે.

(૩) કોઈ પણ જાહેર તહેવાર કે પ્રસંગોએ કોઈ બીજી

વ્યક્તિને અડચણરૂપ ન થાય તે રીતે કામચલાઉ બાંધકામ સાત દિવસ સુધી કરવા દેવા માટે પંચાયત મંજુરી આપી શકશે.

(૪) કોઈ નડતર કે અનધિકૃત પાક દૂર કરવાનું ગામ પંચાયતને મુશ્કેલ લાગે તો તેણે તાલુકા વિકાસ અધિકારીને જાણ કરવી જોઈએ. તા. વિ. અધિકારી તે દૂર કરવાનાં પગલાં લેશે.

**(૧૧) અનધિકૃત ભોગવટા બદલ ભાડુ વસુલ કરવા બાબત :**

જે કોઈ વ્યક્તિએ પંચાયતને પ્રાપ્ત થયેલ અથવા તેના નિયંત્રણ હેઠળની મિલકત કે જગાનો અનધિકૃત ભોગવટો કે ઉપયોગ કર્યો હોય તો પંચાયત તેવી વ્યક્તિ પાસેથી ચાર ગણા પટ જેટલું ભાડું વસુલ કરી શકશે. એટલે કે આ મિલકત પંચાયતે પોતે ભાડે આપી હોત તો તેને જેટલું ભાડું મળ્યું હોત તેટલી રકમથી ચાર ગણું ભાડું પંચાયત વસુલ કરી શકે છે. ઉપરાંત પંચાયત એવી કસુરદાર વ્યક્તિ સામે અન્ય દંડાત્મક કાર્યવાહી પણ કરી શકે છે. (કલમ - ૨૬૯)

**જગાઓને નંબર આપવા બાબત :**

(૧૨) પંચાયતની હદમાંનાં મકાનો, જગાઓને ધાતુની તકતીથી નંબરીંગ કરવાનું પંચાયત દરેક માલિકને ફરજ પાડી શકશે અને આ અંગે પંચાયતને થયેલ ખર્ચ મકાન માલિક પાસેથી વસુલ કરી શકશે.

**પંચાયતની અન્ય સત્તા, અધિકાર અને ફરજો :**

(૧) ગ્રામ પંચાયત પોતાનું વાર્ષિક અંદાજપત્ર બનાવી શકે છે અને તેને મંજુર કરવાની સત્તા પણ ગામ પંચાયતને જ છે. બજેટ મંજુર કરતાં પહેલાં તેણે તા. પં.ને ચકાસણી માટે મોકલવું જોઈએ. (કલમ - ૧૧૬)

(૨) જે વિકાસ કાર્યક્રમ મંજુર કરવાના અધિકાર રાજ્ય સરકારને હોય છે તે પ્રથમ તબક્કે ગામ પંચાયતે પોતાના વિસ્તાર માટે

સૂચવવાના હોય છે. આ સૂચનો તેણે તા.પં.ને મોકલવાનાં હોય છે. (ક. ૧૭૯)

(૩) જમીન મહેસુલ ઉઘરાવવાની સત્તા સરકારે પંચાયતને સોંપી હોય તો તે જમીન મહેસુલ ઉઘરાવી શકે છે. (ક. ૧૭૦)

(૪) પંચાયતને પોતાના વિસ્તારમાં કર, ફી અને ઉપકર (સેસ) બેસાડવાના અને વસુલ કરવાની સત્તા છે. જમીન અને મકાન અંગેના કરવેરા હરિજન અને આદિવાસીઓના કિસ્સામાં ઘટાડેલા દરે લેવાનું પણ પંચાયત નક્કી કરી શકે છે. (ક. ૨૦૦)

(૫) પંચાયતના કરવેરા ન ભરતા હોય તેવા કસુરદારોની જંગમ મિલ્કત ટાંચમાં લઈને તેની હરાજી કરીને કરવેરા વસુલ કરવાની સત્તા પંચાયતને છે. આ માટે દિવાની દાવો કરવાની જરૂર નથી. (ક. ૨૧૫)

(૬) ધારાની કલમ ૨૦૦માં દર્શાવેલા કરવેરા, ફી કે ઉપકર પૈકી પોતે ક્યા ક્યા કર, ફી, કે ઉપકર બેસાડવા માગે છે તે પંચાયતે નક્કી કરવાનું હોય છે.

(૭) પંચાયતે ઠરાવેલા કર, ઉપકર કે ફી અંગે સરકારે નિયમોથી તેમના મહત્તમ અને અને લઘુતમ દર ઠરાવેલા હોય છે તેની મર્યાદામાં પંચાયતે કર, ઉપકર કે ફીના દર ઠરાવવાના હોય છે.

(૮) પોતાના સભ્યને પંચાયતની બેઠકમાં ગેરહાજર રહેવાની રજા આપવાનો અધિકાર પંચાયતને છે. આવી રજા વધુમાં વધુ ચાર મહિના માટે આપી શકાય છે.

(૯) પોતાની બેઠકમાં સલાહ સૂચન મેળવવા માટે પંચાયત વધુમાં વધુ બે આમંત્રિતોને બેઠકમાં બોલાવી શકે છે. આવા આમંત્રિતોને બેઠકમાં બોલવાનો અધિકાર રહેશે પણ તેમને મત આપવાનો અધિકાર રહેશે નહિ.

(૧૦) હોદ્દા ઉપરથી ઉપસરપંચનું રાજીનામું મંજુર કરવાની સત્તા પંચાયતને છે. (ક. ૫૪)

(૧૧) ધારામાં સૂચવેલી કારોબારી સમિતિ તથા સામાજિક ન્યાય સમિતિ તથા સરકારની પૂર્વ મંજુરીથી અન્ય સમિતિ રચવાની તેમજ સમિતિઓની કાર્યવાહી ચલાવવા માટેના નિયમો બનાવવાની સત્તા પંચાયતને છે. આ સમિતિઓ પૈકી કારોબારી સમિતિની રચના મરજિયાત છેં. પણ સામાજિક ન્યાય સમિતિની રચના ફરજિયાત છે. (કલમ - ૯૨)

(૧૨) કોઈ પણ એક પ્રસંગે રૂ. પચાસ થી વધારે આકસ્મિક ખર્ચ કરવો હોય તો સરપંચે પંચાયતની મંજુરી લેવી પડે છે.

(૧૩) પંચાયતના કુલ સભ્યોની બે તૃત્યાંઉસ સંખ્યા જેટલા સભ્યો જો સરપંચ કે ઉપસરપંચ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર કરે તો પ્રસ્તાવ પસાર થયાની તારીખથી ત્રણ દિવસની મુદત પછી સરપંચ કે ઉપસરપંચ હોદ્દો ધરાવતા બંધ થઈ જાય છે. (ક. ૫૬)

**ગ્રામ પંચાયતની મિલ્કત અને ફંડ**

(૧) રાજ્ય સરકાર ગામમાંની ખુલ્લી જગાઓ, ગૌચરની જમીનો, જાહેર માર્ગો અને રસ્તા, નદીના તળીઆની જમીનો, તળાવો, વાડો, કુવાઓ વગેરે પંચાયતને અમુક શરતોને આધિન આપી શકશે.

(૨) પંચાયતને અપાયેલા કોઈ રસ્તાની જરૂર ન હોય તો કલેક્ટરની પૂર્વ મંજુરી મેળવીને પંચાયત કાયદામાં ઠરાવેલી કાર્યરીતિ અનુસરીને તેવો રસ્તો બંધ કરી શકશે.

(૩) પંચાયતને અપાયેલા કોઈ ખુલ્લી જગા, ગૌચરની જમીન વગેરેની જરૂર રાજ્ય સરકારને કોઈ જાહેર હેતુ માટે પડે તો તેવી મિલ્કત રાજ્ય સરકાર ખાલસા કરી શકે છે. પણ આવી

મિલ્કતમાં પંચાયતે કોઈ સુધારણા કરી હોય તો તેનું વળતર રાજ્ય સરકારે પંચાયતને ચૂકવવું પડશે. (કલમ ૧૦૮)

(૪) કલમ ૧૦૯ અન્વયે તાલુકા તથા જીલ્લા પંચાયતને પ્રાપ્ત થતી મિલકત તે ગ્રામ પંચાયતને તબદીલ કરી શકશે.

**મિલકતની તબદીલી કરવાની મર્યાદા :**

(૧) પંચાયતને પ્રાપ્ત થતી અથવા તેણે સંપાદન કરેલી કોઈ સ્થાવર મિલ્કતનો પટો, વેચાણ, અથવા બીજું સ્વત્વાર્પણ યોગ્ય સત્તાધિકારીની પૂર્વ મંજુરી લીધા વિના કર્યું હશે તો તે કાયદેસર ગણાશે નહિ. પણ જો આવી સ્થાવર મિલ્કતના પટાની મુદત ત્રણ વર્ષ કરતાં વધુ ન હોય તો પૂર્વ મંજુરી લેવાની આવશ્યકતા રહેશે નહિ. (ક. ૧૧૦)

(૨) પરંતુ કલમ ૧૦૮ અન્વયે રાજ્ય સરકારે પંચાયતને જે મિલ્કત સોંપી હોય તેવી મિલ્કતના પટા માટે તો પૂર્વ મંજુરીની આવશ્યકતા રહે છે. (ક.૧૧૦)

**ગામફંડ**

દરેક પંચાયતમાં કલમ ૧૧૧ અન્વયે ગામફંડ તરીકે ઓળખાતું ફંડ રહેશે. તેમાં નીચેની રકમો જમા થશે.

(૧) પંચાયતે નાંખેલા અથવા પંચાયતને સોંપેલા કોઈ પણ કર અથવા ફીની ઉપજ

(૨) કોર્ટ વળતર તરીકે અપાયેલ રકમ.

(૩) કોર્ટે ગામફંડ ખાતે જમા કરવા હુકમ કરેલ હોય તેવી રકમ.

(૪) ધૂળ, કચરો, છાણ અથવા પશુઓના મુડદાની વેચાણની ચોખ્ખી રકમ.

(૫) બક્ષીસ અથવા ફાળા તરીકે મળેલ રકમ.

(૬) રાજ્ય સરકારે, તાલુકા પંચાયતે કે જીલ્લા પંચાયતે ફાળો આપેલ રકમો.

(૭) રાજ્ય સરકાર, તાલુકા પંચાયત કે જીલ્લા પંચાયત તરફથી અથવા જીલ્લા વિકાસ નિધિમાંથી મળેલ લોનની રકમો.

(૮) પંચાયતને પ્રાપ્ત થયેલ કોઈ મિલ્કતની આવક અથવા ઉપજ.

(૯) કલમ ર૦૩થી અધિકૃત કરેલ વેરાની (વી.પી.સેસ)ની ચોક્ખી રકમ.

(૧૦) ભાડાની તથા કોર્ટના દંડ સિવાય ગુનેગારી તરીકે વસુલ કરેલ રકમો.

(૧૧) ઢોરના ડબાની ચોક્ખી આવક.

**ગામફંડનો ઉપયોગ :**

(૧) પંચાયતને મળેલ નાણાં આ ધારાના હેતુઓ માટે વાપરવા જોઈએ. અને ઠરાવવામાં આવેલ કસ્ટડીમાં રાખવાં જોઈએ.

(૨) ચાલુ ખર્ચ માટે જે રકમ જોઈતી ન હોય તે રકમનું રોકાણ ઠરાવવામાં આવેલ હોય તે રીતે કરી શકાશે.

(૩) પંચાયતે લીધેલી લોન તથા તેના વ્યાજનો ગામફંડ ઉપર પ્રથમ બોજો રહેશે. (કલમ. ૧૧૨)

**પંચાયત સામેના અગર પંચાયતે કરેલ દાવાનો નિર્ણય :**

(૧) કોઈ પણ મિલકત અંગે પંચાયતે દાવો કર્યો હોય અગર પંચાયત સામે દાવો થયો હોય ત્યારે કલેક્ટર પધ્ધતિસરની તપાસ કરીને જે નિર્ણય લેશે તે કાયદેસર ગણાશે.

(૨) કલેક્ટરના હુકમ વિરુધ્ધ મુદતસર અપીલ કરી શકાશે.

(૩) વળી કાયદાથી ઠરાવેલી મુદતની અંદર કલેક્ટરના હુકમ વિરુધ્ધ તથા અપીલ થયેલ હોય તો એપેલેટ ઓથોરિટીના ચુકાદા વિરુધ્ધ દિવાની કોર્ટમાં દાવો થઈ શકશે.

(૪) કલમ ૧૧૩ની પેટાકલમ ૨માં જણાવેલ અમુક સંજોગોમાં દિવાની દાવો કાઢી નાખવો પડશે.

**જીલ્લા વિકાસ ફંડમાં ફાળો :**

કલમ ૧૧૫ હેઠળ દરેક ગ્રામ પંચાયતે તેની આવકના દસ ટકા કરતાં વધુ ન હોય તેટલી રકમનો ફાળો જીલ્લા વિકાસ ફંડમાં આપવાનો રહેશે. તેમ કરવામાં કસુર થશે તો આગામી વર્ષમાં પંચાયતને આપવાની થતી ગ્રાન્ટમાંથી તે રકમ રાજ્ય સરકાર કાપી લેશે અને જીલ્લા વિકાસ ફંડમાં જમા કરાવશે.

**વાર્ષિક અંદાજપત્ર :**

(૧) કલમ ૧૧૬ અન્વયે દર વર્ષે પંચાયતે આગામી વર્ષ માટે પંચાયતની આવક અને ખર્ચનું અંદાજપત્ર તૈયાર કરવાનું રહેશે. આવું અંદાજપત્ર ડીસેમ્બરની ૧૫મી પહેલાં અથવા તાલુકા પંચાયતે મંજુર કરેલ ૩૧મી ડીસેમ્બર પહેલાંની કોઈ પણ તારીખે તૈયાર કરવું પડશે.

(૨) આ અંદાજપત્ર ગામ પંચાયતે ૩૧મી ડીસેમ્બર પહેલાં અથવા તાલુકા પંચાયતે મંજુર કરેલી (૧૫મી જાન્યુઆરી પહેલાંની) તારીખે તાલુકા પંચાયતને ચકાસણી માટે મોકલવું જોઈએ.

(૩) વર્ષના અત પંચાયત પાસે જેટલી સિલક રાખવાનું ઠરાવવામાં આવ્યું હોય તેટલી સિલક રહે તે રીતે અંદાજપત્ર તૈયાર કરવાનું રહેશે.

(૪) તાલુકા પંચાયત ગામ પંચાયતના અંદાજપત્રની ચકાસણી કરીને પોતાની ભલામણો સાથે ગામ પંચાયતને પરત કરશે.

(૫) ગામ પંચાયતે તાલુકા પંચાયતની ભલામણો ધ્યાનમાં લઈને પોતાને યોગ્ય લાગે તેવા ફેરફાર સાથે ચાલુ વર્ષની ૩૧મી માર્ચ સુધીમાં અંદાજપત્ર મંજુર કરવું જોઈએ.

(૬) જો ગામ પંચાયત ૩૧મી માર્ચ સુધીમાં અંદાજપત્ર મંજુર કરવામાં કસુર કરે તો પંચાયત ધારા અન્વયે પંચાયતના માથે જે ફરજો નાંખવામાં આવી છે તે ફરજો બજાવવા આવી પંચાયત અસમર્થ છે તેમ રાજ્ય સરકાર માની શકશે. પરંતુ આવી કસુર તાલુકા

પંચાયતના કારણે થવા પામી છે તેમ જણાય તો આવી અસમર્થતા ગામ પંચાયતની મનાશે નહિ.

**સુધારેલ / પૂરક અંદાજપત્ર :**

કલમ ૧૧૭ અન્વયે વર્ષ દરમિયાન ગામ પંચાયત સુધારેલ અગર પૂરક અંદાજપત્ર તૈયાર કરાવી શકશે. આવું અંદાજપત્ર તાલુકા પંચાયતને ચકાસણી માટે મોકલાશે. જે તા.પં. એક માસમાં પરત કરશે. ત્યાર બાદ ગામ પંચાયત તા.પં.ની ભલામણોને ધ્યાનમાં લઈને પોતાને યોગ્ય લાગે તેવા ફેરફાર સાથે સુધારેલ / પૂરક અંદાજપત્ર મંજુર કરશે.

**તાકીદના પ્રસંગના ખર્ચ :**

કલમ ૧૧૬ અને ૧૧૭ હેઠળ મંજુર કરેલ રકમો સિવાય પંચાયત કોઈ ખર્ચ કરી શકશે નહિ. પરંતુ કોઈ તાકિદના પ્રસંગે વધારાનો ખર્ચ હોય તો તેવા વધારાના ખર્ચને ગામ પંચાયત કેવી રીતે પહોંચી વળવા માગે છે તેનું સ્પષ્ટીકરણ તાલુકા પંચાયતને તુરત મોકલવું જોઈએ.

(ક. ૧૧૮)

**આવક-ખર્ચના હિસાબો :**

પંચાયતે પોતાના આવક-ખર્ચના હિસાબો ઠરાવેલા નમૂનામાં દર વર્ષ માટે રાખવા જોઈએ અને દર વર્ષના પહેલા દિવસે તેનું સરવૈયું કાઢવું જોઈએ. (કલમ ૧૧૯)

**વહીવટી રીપોર્ટ :**

પંચાયતના સેક્રેટરીએ પંચાયતનો વાર્ષિક વહીવટી અહેવાલ તૈયાર કરીને આવો અહેવાલ તથા હિસાબો મંજુરી માટે પંચાયત સમક્ષ મૂકવા જોઈએ.

(ક. ૧૨૦)

**ઓડિટ :**

કલમ ૧૨૧માં ગામ પંચાયતના હિસાબોના ઓડિટ માટેનો પ્રબંધો છે. આ પ્રબંધો વિસ્તૃત અને કડક છે. તેથી ધ્યાનથી વાંચવા. આ પ્રબંધોનો ટૂંક સાર નીચે મુજબ છે.

(૧) પંચાયતના હિસાબોનું ઓડિટ 'ગુજરાત લોકલ ફંડ ઓડિટ અધિનિયમ, ૧૯૬૨' હેઠળ થશે અને તે ઓડિટ પૂરું થયા પછી એક માસની અંદર તેની નકલ ગામ પંચાયતને તથા તાલુકા પંચાયતને મોકલવી જોઈશે.

(૨) પંચાયતે ઓડિટ નોટમાં જણાવેલ ખામીઓ દૂર કરવી જોઈએ તેમ જ તે અંગેના ખુલાસા સહિતનો રીપોર્ટ ત્રણ માસની અંદર તાલુકા પંચાયતને મોકલવો જોઈએ.

(૩) તાલુકા પંચાયત તે ઉપરથી કરેલ ખુલાસો સ્વીકારીને વાંધો પાછો ખેંચી લેવા કલેક્ટરને ભલામણ કરે અગર ફરી તપાસ કરવા આદેશ આપે અગર ખામીઓ દૂર થઈ નથી તેમ ઠરાવે.

(૪) તાલુકા પંચાયત પોતાનો રીપોર્ટ કલેક્ટરને મોકલશે અને જો તેણે એવું ઠરાવ્યું હોય કે ખામીઓ દૂર કરવામાં આવેલ નથી તો તે ખામીઓ દૂર કરી શકાય તેમ છે કે કેમ અને તે ખામીઓ માફ થઈ શકે તેવી ખામીઓ છે કે કેમ તે બધી બાબતનો રીપોર્ટ મોકલશે. સાથે ખામીઓ માટે સરચાર્જ લેવાને પાત્ર થાય છે કે કેમ તે પણ જણાવશે.

(૫) બાદમાં કલેક્ટર આ રીપોર્ટ વિચારણામાં લેશે. જરૂર જણાય તો વધુ તપાસ કરશે અને કાયદા વિરુધ્ધ કંઈ થયાનું જણાય તો ગેરકાયદેસર નાણાં આપનાર વ્યક્તિ પાસેથી સરચાર્જ વસુલ કરી શકશે.

(૬) આવી કસુરદાર વ્યક્તિ સભ્ય હશે તો તેની સામે ધારાની કલમ ૨૬૭ (૨) અને (૩) નીચે કાર્યવાહી કરીને તેની પાસેથી નુકસાનની રકમ વસુલ કરાશે અને જો કસુરદાર વ્યક્તિ સભ્ય ન હોય તો તેણે સરચાર્જની રકમ પંચાયતને ભરવાની રહેશે. તે ન ભરે તો તેની પાસેથી જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરીને ગામફંડમાં જમા કરાશે.

(૭) કલેક્ટરના હુકમથી નારાજ થયેલ વ્યક્તિ એક માસની અંદર જીલ્લા કોર્ટમાં તે હુકમ વિરુધ્ધ અરજી કરી શકશે અને જીલ્લા કોર્ટ યોગ્ય ફેંસલો આપશે.

**સમિતિઓની રચના (ક. ૯૨) :**

**કારોબારી સમિતિ :**

(૧) પંચાયત સોંપે તેવા કાર્યો કરવા માટે કારોબારી સમિતિની રચના પંચાયત કરી શકશે.

(૨) કારોબારી સમિતિ પાંચ સભ્યોની હશે અને તેમને પંચાયત પોતાના સભ્યોમાંથી ચૂંટી કાઢશે. જેમાંનો એક સભ્ય અનુસૂચિત જાતિનો અથવા અનુસૂચિત જનજાતિનો હોવો જોઈએ અને જેમાં એક સ્ત્રી સભ્ય હોવી જોઈશે.

(૩) કારોબારી સમિતિની મુદત બે વર્ષની રહેશ.

(૪) કારોબારી સમિતિ રચવાની બાબત મરજીયાત છે.

**સામાજિક ન્યાય સમિતિ :**

(૧) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સહિતના સમાજના નબળા વર્ગોના લોકોને સામાજિક ન્યાય મળે તે માટે આવશ્યક જણાતાં કાર્યો બજાવવા માટે દરેક પંચાયતે સામાજિક ન્યાય સમિતિની રચના કરવાની હોય છે. તેમાં ઓછામાં ઓછા ૪ અને વધુમાં વધુ ૬ સભ્યો પંચાયત નીમી શકશે. વળી એમાં તમામ સભ્યો હરિજન અને આદિવાસી જ હોવા જોઈએ. આ પૈકી એક સભ્ય ભંગી અને એક સભ્ય સ્ત્રી હોવી જોઈએ.

(૨) આ સમિતિની મુદત પંચાયતની મુદત જેટલી રહેશે.

(૩) સામાજિક ન્યાય સમિતિ રચવાની બાબત ફરજીયાત છે.

(૪) આ સમિતિના કાર્યો નીચે મુજબ છે.

(ક) સમાજના નબળા વર્ગોને ઘરથારની જમીન, ગામતળની જમીન, લોન, આર્થિક સહાય અને શિક્ષણ

જેવી સગવડ આપવી અને તેની યોજનાઓ ઘડીને અમલ કરવો.

(ખ) સમાજના નબળા વર્ગોને થતા અન્યાયના અને તેમની પ્રત્યે રખાતા ભેદભાવના કેસો તપાસવા.

(ગ) આ કાર્યો પાર પાડવા યોજના ઘડવી, તેનો વહીવટ અને અમલ કરવો.

**અન્ય સમિતિઓ :**

(૧) પંચાયત રાજ્ય સરકારની પૂર્વ મંજુરી મેળવીને પોતે નક્કી કરે તેવા તેના સભ્યો તથા ગામના બીજા રહેવાસીઓની બનેલી એક અથવા વધુ સમિતીઓ પોતે ઠરાવે તેવાં કાર્યો બજાવવા માટે રચી શકશે.

(૨) આવી સમિતિઓની મુદત પંચાયત ઠરાવે તેટલી રહેશે.

**લોકશાહી વિકેન્દ્રીકરણ કેવળ સત્તાની સોંપણી નથી. જવાબદારીની સોંપણી પણ તેનો અંગભૂત હિસ્સો બનવો જોઈએ.**

**- રાજીવ ગાંધી**

# સરપંચની સત્તા, અધિકાર અને ફરજો

કલમ ૫૫ અન્વયે ગામ પંચાયતના ઠરાવોનો અમલ કરવાના તથા પંચાયત ધારા અન્વયે ઠરાવેલી જોગવાઈઓનો અમલ કરવાની કારોબારી સત્તા સરપંચને હોય છે. વિગતવાર જોતાં સરપંચની સત્તા અને અધિકાર નીચે પ્રમાણે છે.

**સરપંચની સત્તા અને અધિકાર :**

(૧) પંચાયતની બેઠકોનું તેમજ ગ્રામસભાની બેઠકોનું અધ્યક્ષસ્થાન સંભાળવું અને બેઠકોનું નિયમન કરવું.

(૨) પંચાયતના કર્મચારીઓ ઉપર નિયંત્રણ રાખવું અને તેમની પાસેથી કામગીરી લેવી.

(૩) કોઈ પણ પ્રસંગે રૂપિયા પચાસ સુધીનો આકસ્મિક ખર્ચ કરવો.

(૪) પંચાયતના ફંડની સલામતી માટે સરપંચ જવાબદાર ગણાશે. ચેકબુક સરપંચની પોતાની અભિરક્ષામાં રહેવી જોઈએ. પંચાયત મંત્રી કે અન્ય કોઈની પાસે ચેકબુક રહેવી જોઈએ નહિ.

(૫) પંચાયતના ફંડનો વહીવટ કરવો, ચેક લખવા તથા ચેક ઉપર અન્ય અધિકૃત સભ્યની સહી જ્યારે રકમ ઉપાડવાની જરૂર ઉપસ્થિત થાય ત્યારે લેવી.

(૬) રીફંડ મેળવવું કે આપવું.

(૭) ધારામાં ઠરાવ્યા હોય તેવાં પત્રકો અને રિપોર્ટો તૈયાર કરાવવા.

(૮) ઉપસરપંચની ચૂંટણી માટેની પંચાયતની પહેલી બેઠકનું અધ્યક્ષસ્થાન સંભાળવું. (ક. ૫૧)

(૯) ગામ પંચાયતના સભ્યોનું રાજીનામું મંજુર કરવાની સત્તા સરપંચને છે. (ક. ૫૪)

(૧૦) પંચાયતની બેઠકમાં કોઈ ઠરાવ ઉપરના મતદાનમાં તરફેણ અને

વિરોધ બંને પક્ષે સરખા મત પડે તો સરપંચને એક વધારાનો મત (કાસ્ટીંગ વોટ)આપવાનો અધિકાર છે. (ક. ૯૬)

(૧૧) કરવેરાના કસુરદાર પાસેથી તેની જંગમ મિલકત ટાંચમાં લઈ તે વેચીને પંચાયતનું લેણું વસુલ કરવાનો પંચાયતે ઠરાવ કર્યો હોય ત્યારે આવી જપ્તીનો આજ્ઞાપત્ર સરપંચની સહીથી નીકળશે.

**સરપંચની ફરજો અને કર્તવ્ય :**

(૧) દર વર્ષે જમીન અને મકાન ઉપરના કરની આકારણીની યાદી સરપંચે તૈયાર કરાવીને પંચાયતની મંજુરી માટે રજુ કરવાની હોયછે. દર ચાર વર્ષે આકારણીની યાદી નવેસર તૈયાર કરવાની હોય છે. તે પણ સરપંચે તૈયાર કરાવીને પંચાયત સમક્ષ મંજુરી માટે મૂકવાની હોય છે. (કરવેરા નિયમ ૯)

(૨) પંચાયતના રોજ બરોજના વહીવટ માટે તથા વિકાસનાં કામો માટે નાણાં ઉભા કરવા માટે કરવેરાની સખ્તાઈપૂર્વક વસુલાત કરવી તથા વી.પી.સેસ જેવા કરવેરા પંચાયતના સભ્યોનો સહયોગ મેળવીને નાંખવા.

(૩) વિકાસનાં કામો માટે જીલ્લા સમકારી ફંડ કે રાજ્ય સમકારી ફંડમાંથી ગ્રાન્ટ મેળવવા માટે કાર્યવાહી કરવી.

(૪) વિકાસનાં કામો કરાવવા માટે જીલ્લા વિકાસ ફંડમાંથી લોન મેળવવા જરૂરી કાર્યવાહી કરવી.

(૫) પ્રજામાંથી વિકાસ કાર્યો માટે લોકફાળો મેળવવો તથા પ્રાથમિક શિક્ષણ, આરોગ્ય, મહિલા અને બાલ કલ્યાણ જેવા ક્ષેત્રોમાં વિકાસ થાય તેવી યોજનાઓ અમલમાં મૂકવી.

(૬) આદિવાસી અને હરિજન સહિત સમાજના નબળા વર્ગોના લોકોના ઉત્કર્ષ માટેની વિવિધ સરકારી યોજનાઓનો લાભ આ

લોકોને મળે તે માટે જાગૃત રહીને સક્રીય પ્રયાસો કરવા.

(૭) પંચાયત વિસ્તારમાં સફાઈ, દિવાબત્તી, રસ્તા, માણસો અને ઢોર માટે પીવાનું પાણી, ઢોરો માટે ઘાસચારો વગેરે વ્યવસ્થા બરાબર ચાલે તે માટે સતત દેખરેખ રાખવી.

(૮) પંચાયતની તમામ સ્થાવર, જંગમ મિલ્કતની જાળવણી સારી રીતે થાય તે જોવું.

## ઉપસરપંચની સત્તા, અધિકાર અને ફરજો (કલમ - ૫૫)

(૧) ઉપસરપંચે સરપંચની ગેરહાજરીમાં પંચાયતની બેઠકોનું અધ્યક્ષસ્થાન લેવું અને તેનું નિયમન કરવું જોઈએ.

(૨) સરપંચ તેમને સોંપે તેવી સરપંચની સત્તા વાપરવી અને તેમની ફરજો બજાવવી.

(૩) પંદર દિવસથી વધારે મુદત માટે ગામમાંથી સરપંચ સતત ગેરહાજર હોય અથવા સરપંચ અશક્ત થયો હોય તેવા દાખલામાં સરપંચની સત્તા વાપરવી તથા તેની ફરજો બજાવવી જોઈએ.

**હિન્દુસ્તાનનું એકે એક ગામ રાજ્ય અમલની પૂરેપૂરી સત્તા ધરાવતું પ્રજાસત્તાક અથવા પંચાયત હોય. એનો અર્થ એ થયો કે દરેક ગામ પોતાની તાકાત ઉપર નભતું હોય પોતાનો કુલ વહેવાર ચલાવવાને અને જરૂર પડે તો આખી દુનિયાની સામે પોતાનું રક્ષણ કરી લેવાને સમર્થ હોય. બહારથી આવતા કોઈ પણ પ્રકારના હુમલાની સામે પોતાનું રક્ષણ કરવાની તેને કેળવણી મળી હોય અને તે રક્ષણના પ્રયાસમાં ખપી જવાની તેની તૈયારી હોય.**

**- મહાત્મા ગાંધી**

# ગ્રામસભા ( કલમ ૯૩-૯૪)

(૧) ગ્રામસભા એટલે ગ્રામ સ્તરે પંચાયત વિસ્તારમાંના ગામની મતદાર યાદીમાં નોંધાયેલા લોકોની બનેલી સંસ્થા. જો કોઈ ગામ પંચાયતમાં એકથી વધારે મહેસુલી ગામો હોય તો તેવાં તમામ ગામોની મતદાર યાદીમાંના મતદારોની એક ગ્રામસભા બનેલી ગણાય.

(વ્યાખ્યા નં. -૩૩)

(૨) ગ્રામસભા સમક્ષ દર વર્ષે પંચાયતે વાર્ષિક હિસાબનું પત્રક, વાર્ષિક વહીવટી અહેવાલ, વર્ષનો વાર્ષિક કાર્યક્રમ અને ઓડિટ નોટ તથા તેની પૂર્તતાની વિગતો રજુ કરવાની હોય છે. ગ્રામસભા આ અંગે ચર્ચા કરીને જે સૂચનો કરેતે પંચાયતે ધ્યાનમાં લેવાનાં હોય છે. ગ્રામસભા આ અંગે ચર્ચા કરીને જે સૂચનો કરે તે પંચાયતે ધ્યાનમાં લેવાનાં હોય છે. ગ્રામસભાનાં સૂચનોનો અમલ કરવાનું પંચાયત માટે બંધનકર્તા નથી.

(૩) સામાન્યતઃ ગ્રામસભાની બેઠકો વર્ષમાં ઓછામાં ઓછી બે મળવી જોઈએ. પરંતુ આ ઉપરાંત સરપંચ પોતાની મેળે અથવા તાલુકા પંચાયત કે જીલ્લા પંચાયતની સૂચનાથી અસામાન્ય બેઠક પણ બોલાવી શકે છે.

(૪) ગ્રામસભાની બેઠકનું અધ્યક્ષસ્થાન સરપંચ અથવા તેની ગેરહાજરીમાં ઉપસરપંચ સંભાળશે.

# ઢોર ડબ્બા

(૧) ગામ પંચાયતે સાર્વજનિક ડબ્બા તરીકે જગા નક્કી કરવી જોઈએ અને તાલુકા વિકાસ અધિકારીએ મંજુર કરી હોય તેવી વ્યક્તિને ડબ્બાવાળા તરીકે નીમવી જોઈએ. આવો ડબ્બાવાળો પંચાયતના આદેશ અને નિયંત્રણને આધિન રહેશે. (ક. ૧૮૨)

(૨) કોઈ ઢોર ખાનગી કે જાહેર મિલ્કતમાં અતિક્રમણ કરતું જણાય તો

પંચાયતનો ચોકીદાર, પોલિસવાળા કે અન્ય કોઈ પણ વ્યક્તિને તેને ડબ્બામાં પૂરી રાખવા માટે લઈ જઈ શકશે. આવું કરતાં કોઈ વ્યક્તિ અટકાવે તો તેવી વ્યક્તિ કોર્ટમાં દોષિત ઠર્યેથી છ મહિનાની કેદ અથવા રૂ. પાંચસો સુધીના દંડની અથવા બંને શિક્ષાને પાત્ર બને છે.

(૩) ડબ્બામાં પૂરેલા ઢોરને છોડાવવા માટે માલિકે ડબ્બા ફી, ડબ્બા ખર્ચની રકમ તેમજ તારણની રકમ ભરવી પડશે. જો કોઈ માલિક આ રકમ ભરવાની ના પાડે તો પંચાયતે તેવું ઢોર જાહેર લીલામથી વેચી દેવું.

(૪) ડબ્બામાં પૂરેલા ઢોરને સાત દિવસની અંદર છોડાવવા કોઈ માલિક હાજર ન થાય તેવા નધણિયાતા ઢોરને જાહેર લીલામથી પંચાયતે વેચી દેવું જોઈશે. આવા વેચાણના પંદર દિવસની અંદર ઢોરનો મૂળ માલિક હાજર થાય તો વેચાણમાંથી ઉપજેલ રકમમાંથી, ડબ્બા ફી અને ડબ્બા ખર્ચની રકમ કપાત કરીને બાકીની રકમ મૂળ માલિકને પંચાયતે આપી દેવી જોઈશે. મુદત અંદર આવો કોઈ માલીક/ દાવેદાર હાજર ન થાય તો ઉપજેલી તમામ રકમ ગામફંડનો ભાગ થશે. (ક. ૧૮૬)

(૫) લીલામથી વેચવા કાઢેલું ઉપરોકત પ્રકારનું ઢોર કોઈ ડબ્બાવાળો, પંચાયતનો કોઈપણ સભ્ય, નોકર કે પોલીસ અધિકારી ખરીદી શકશે નહી. (ક. ૧૮૭)

(૬) ડબ્બામાં પૂરેલા ઢોરનો માલિક પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટની દસદિવસની અંદર આ અંગે ફરિયાદ કરી શકશે. ઢોરને ખોટી રીતે ડબ્બામાંપૂર્યું છે એવું સાબિત થશે તો જવાબદાર પાસેથી વળતર ઉપરાંત જે ફી કે ખર્ચ ઢોર માલિક પાસેથી વસુલ કરાયું હોય તો તે બધું ઢોર માલિકને પરત મળશે. (ક.૧૮૮)

# પંચાયતના સેક્રેટરીનાં કાર્યો અને ફરજો

ગ્રામ પંચાયતનો વહીવટ સારી રીતે ચાલે તેનો આધાર મુખ્યત્વે સરપંચ અને ગ્રામપંચાયતના સેક્રેટરી (જેને તલાટી-કમ-મંત્રી તરીકે પણ ઓળખવામાં આવે છે.)- એ બે જણ ઉપર છે. સરપંચની સત્તા, કર્તવ્યો અને ફરજો આપણે જોઈ ગયા છીએ. હવે પંચાયત સેક્રેટરીનાં કાર્યો અને ફરજો ઉપર દ્રષ્ટિપાત કરીએ.

**કલમ ૧૧૪ અન્વયે**

(૧) પંચાયતના સેક્રેટરીએ સરપંચના નિયંત્રણને આધિન રહીને

(ક) પંચાયતનાં દફતરો અને રજીસ્ટરો પોતાની કસ્ટડીમાં રાખવાં જોઈએ.

(ખ) પંચાયત વતી તેને મળેલી નાણાંની રકમો બદલ પોતાની સહીવાળી પહોંચ આપવી જોઈએ.

(ગ) પંચાયત ધારા હેઠળનાં સઘળાં પત્રકો અને રીપોર્ટો તૈયાર કરવા જોઈએ.

(ઘ) પંચાયત ધારા હેઠળ ઠરાવવામાં આવે તેવાં અન્ય કાર્યો અને ફરજો બજાવવા જોઈએ.

વધારે વિગતે જોઈએ તો પંચાયતના સેક્રેટરીનાં કાર્યો અને ફરજોમા ખાસ કરીને કાનૂની, વહીવટી અને હિસાબી કામગીરીનો સમાવેશ થાય છે જે ટૂંકમાં નીચે પ્રમાણે છે.

**કાનૂની કામગીરી :**

(૧) પંચાયતની મતદાર યાદીઓ મતદાર વિભાગવાર તૈયાર કરીને મામલતદારશ્રીને રજુ કરવી.

(૨) પ્રમાણિત થયેલ મતદાર યાદીઓ નિયત સ્થળે પ્રસિદ્ધ કરવી અને તે અંગેનું નિવેદન અધિકારીને મોકલવું.

(૩) પંચાયતની સામાન્ય કે પેટાચૂંટણીને લગતાં તમામ જાહેરનામાં નિયતસ્થળે પ્રસિદ્ધ કરવાં અને તેનો અહેવાલ યોગ્ય અધિકારીને મોકલવો.

(૪) ઉપસરપંચની ચૂંટણી અંગેની નોટીસ જો તેને અધિકૃત કરેલ હોય તો સેક્રેટરીએ કાઢવી અને બજાવવી.

(૫) પંચાયતના હોદ્દેદારો કે સદસ્યોની જગા ખાલી પડે ત્યારે સમયસર યોગ્ય અધિકારીને તેની જાણ કરવી.

**બેઠકો અંગે કામગીરી**

(૧) ઉપસરપંચની ચૂંટણી પછીની પંચાયતની બેઠકમાં નીચેની કામગીરી કરાવવી.

(ક) સમિતિઓની રચના અને અધિકારોની સોંપણી

(ખ) નાણાંની લેવડદેવડ અંગે સરપંચ અને બે સભ્યોને અધિકૃત કરતો ઠરાવ.

(૨) પંચાયતની બેઠક દર મહિને ભરવી

(૩) બેઠક અંગેની કાર્યસૂચિ સરપંચ સાથે વિચાર, વિનિમય કરીને નક્કી કરવી. આ અંગે સરપંચનો નિર્ણય આખરી ગણાશે.

(૪) દરેક બેઠકની નોટીસ કાર્યસૂચિ સાથે સભ્યોને સમયસર બજાવવી તથા નોટીસ બોર્ડ ઉપર તે પ્રસિદ્ધ કરવી.

(૫) પંચાયતની તથા તેની સમિતિઓની બેઠકમાં હાજરી આપવી, માહિતી પૂરી પાડવી, સલાહસૂચનો આપવાં, સભ્યો તરફથી આવેલ પ્રશ્નો, પ્રસ્તાવ બેઠકમાં રજુ કરવાં, કાયદા અને નિયમ બહારની કાર્યવાહી માટે પંચાયતનું ધ્યાન દોરી તે પ્રમાણેની નોંધ કરવી.

(૬) પંચાયતની બેઠકની કાર્યવાહીની નકલ તૈયાર કરીને તેની નકલ નિયત મુદતમાં તાલુકા / જીલ્લા પંચાયતને મોકલવી.

(૭) પંચાયતના અગત્યના નિર્ણયોની સૂચના નોટીસબોર્ડ ઉપર પ્રસિદ્ધ કરવી.

(૮) પંચાયતની, તેની સમિતિઓની તથા ગ્રામસભાની બેઠકોની કાર્યાવાહીની નોંધ તેમાં થયેલા ઠરાવો સહિત નિયત રજીસ્ટરમાં રાખવી.

(૯) પંચાયતની, તેની સમિતિઓની તથા ગ્રામસભાની બેઠકોમા હાજર રહેલા સભ્યોની સહીઓ નિયત રજીસ્ટરમાં લેવી.

(૧૦) પંચાયતના ઠરાવોનો અમલ કરવો, કરાવવો તથા તેની નોંધ રાખવી.
(૧૧) ગ્રામસભાની બેઠક નિયત સમયાંતરે બોલાવવી.

**હિસાબી કામગીરી :**

(૧) પંચાયતના હિસાબો નિયત નમૂનામાં રાખવા અને તમામ હિસાબી નમૂનાઓ અદ્યતન રીતે રાખવા તેમજ સલામત રીતે જાળવવા.
(૨) પંચાયતનો સામાન્ય રોજમેળ દરરોજ લખવો.
(૩) નિયત રકમ કરતાં હાથ ઉપરની સિલક વધી ન જાય તે ધ્યાનમાં રાખવું અને રકમ વધી જાય તો તુર્તજ વધારાની રકમ બેન્ક યા પોસ્ટના ખાતામાં જમા કરાવવી.
(૪) પંચાયતનું અંદાજપત્ર સમયસર તૈયાર કરવું અને મંજુર કરાવવું.
(૫) ખર્ચના વાઉચરો રોજમેળે ઉધારીને ફાઈલમાં વ્યવસ્થિત રાખવાં.
(૬) પંચાયતના કરવેરા, ફી તથા અન્ય લેણાંનાં માંગણાપત્રો સમયસર મોકલવા અને લેણી રકમ વસુલ કરવી.
(૭) વસુલ કરેલી રકમની પાવતી પોતાની સહીથી સંબંધિતોને આપવી.
(૮) જમીન અને મકાન ઉપરની આકારણી અંગેની કામગીરી સમયસર થાય તે રીતે કાર્યવાહી કરવી.
(૯) પંચાયતના અન્ય કર્મચારીઓનું પગારપત્રક રાખવું.
(૧૦) ઓડિટનોટની પૂર્તતા કરવી.

**વહીવટી કામગીરી :**

(૧) પંચાયતમાં આવતા તમામ પત્રવ્યવહાર નોંધવા અને ટપાલ ટીકીટોનો હિસાબ રાખવો.
(૨) પંચાયત કર્મચારીઓનુ હાજરીપત્રક રાખવું.
(૩) ખરીદેલ ડેડસ્ટોકનું રજીસ્ટર રાખવું અને દર વર્ષે તેની મેળવણી કરીને સરપંચની સહી લેવી.
(૪) પંચાયતના તમામ કર્મચારીઓ ઉપર નિયંત્રણ રાખવું.
(૫) પંચાયતનો વાર્ષિક વહીવટી અહેવાલ અને વાર્ષિક હિસાબી પત્રક તાલુકા પંચાયતને સમયસર મોકલવાં.
(૬) પંચાયતનું લેણુ બાકી હોય તેવા કસુરદારો સામે નિયમમાં ઠરાવેલી

કાર્યવાહી કરવી.

**પંચાયત સેક્રેટરી ઉપર સરપંચનો અંકુશ**

સરપંચે પોતાના હોદ્દાની રૂએ પંચાયતના સેક્રેટરી સહિત તમામ કર્મચારીઓના કામકાજ ઉપર દેખરેખ રાખવાની હોય છે અને પંચાયતના વહીવટના હિતમાં તેમને જરૂરી આદેશો આપવાના હોય છે, આ આદેશોનો અમલ બરાબર થાય તે જોવાનું હોય છે. આ માટે સરપંચે નીચેની કેટલીક બાબતો જાણી લેવી જરૂરી છે.

(૧) પંચાયતના સેક્રટરી (યાને તલાટી-કમ-મંત્રી) એ તેના ઠરાવેલા સેજાના ગામે રહેવું જોઈએ. જો તેની પાસે એકથી વધારે મહેસુલી ગામોનો અખત્યાર હોય તો અઠવાડિયાંના કયા કયા દિવસે તેણે કયા કયા ગામે પંચાયત કચેરીએ / ચોરા ઉપર હાજર રહેવું પડશે તે ઠરાવેલું હોય છે.

જો તલાટી-કમ-મંત્રી આ રીતે વર્તતા ન હોય તો સરપંચે તાલુકા વિકાસ અધિકારીને આ અંગે લેખિત ફરિયાદ કરવી જોઈએ.

(૨) ઠરાવેલા દિવસે તલાટી-કમ-મંત્રીને મહેસુલી કે અન્ય કામગીરી અંગે બીજા કોઈ ગામે જવાનું થાય તો તેની લેખિત જાણ અગાઉથી સરપંચને તેણે કરવી જોઈએ.

તલાટી-કમ-મંત્રી અવાર નવાર પૂરતા કારણ વિના ઠરાવેલા ગામે આવવાનું ટાળતા હોય એવું લાગે તો સરપંચે તેને મેમો આપવો જોઈએ અને તેની ગેરહાજરીનો તારીખવાર અહેવાલ તાલુકા વિકાસ અધિકારીને કરવો જોઈએ.

(૩) તલાટી-કમ-મંત્રીની કેઝયુઅલ લીવ (પરચુરણ રજા) મંજુર કરવાના અધિકાર સરપંચને છે.

(૪) દર વર્ષે પંચાયત સેક્રટરીનો ગુપ્ત અહેવાલ (કોન્ફીડેન્શિયલ રીપોર્ટ) સરપંચે લખીને તાલુકા વિકાસ અધિકારીને મોકલવાનો હોય છે. આ ગુપ્ત અહેવાલમાં સરપંચ સંબંધિત સેક્રેટરીની અનિયમિતતા, બેદરકારી વગેરેના દાખલા ટાંકીને સ્પષ્ટ નોંધ લખી શકે છે. કેટલીક જગાએ એવું જોવા મળે છે કે પંચાયત સેક્રેટરી પોતે જ પોતાના અંગેનો વાર્ષિક ગુપ્ત અહેવાલ લખે છે અને સરપંચની સહી કે અંગુઠાની છાપ લગાવી દે છે. આવું કદી ન બને તે બાબતે સરપંચે કાળજી રાખવી જોઈએ.

# પંચાયતની સભા બોલાવવાની પધ્ધતિ

૧ પંચાયતની સભા સામાન્ય રીતે મહિનામાં એક વાર ભરવાની હોય છે. આને સામાન્ય સભા કહે છે.

૨ કોઈ ખાસ કારણસર તાકીદે સભા બોલાવવાની જરૂર પડે તેને ખાસ સભા કહે છે.

૩ આ બંને પ્રકારની સભાની સૂચનામાં સભાની તારીખ, સમય, સ્થળ અને તેમાં ચલાવવાના કામકાજની સૂચિ (એજન્ડા) અવશ્ય જણાવવાનાં હોય છે. સરપંચ સાથે વિચાર વિનિમય કરીને મંત્રીએ આવી સૂચના તૈયાર કરવાની હોય છે. આ બાબતમાં સરપંચનો નિર્ણય આખરી છે.

૪ આ રીતે તૈયાર થયેલ એજન્ડાની સૂચના મંત્રીએ પંચાયતના તમામ સભ્યોને મોકલવી.

૫ બોલાવવાની સભા જો સામાન્ય સભા હોય તો સભા માટે નક્કી કરેલી તારીખના ઓછામાં ઓછા ચોખ્ખા પાંચ દિવસો અગાઉ સઘળા સભ્યોને સભાની સૂચના મોકલવાની હોય છે.

ચોખ્ખા દિવસો એટલે સૂચના કાઢયાની તારીખ અને સભા માટે નક્કી કરેલ તારીખ સિવાયના દિવસો. દાખલા તરીકે સભા ૭મી તારીખે ભરવાની હોય તો સભાની સૂચના ૧લી તારીખે મોકલવી જોઈએ. જેથી આ બે તારીખો વચ્ચે ચોખ્ખા પાંચ દિવસનો ગાળો રહે.

૬ ખાસ સભા માટે આવો ગાળો ચોખ્ખા ત્રણ દિવસનો હોય છે.

૭ દરેક સભાની સૂચના પંચાયતના કાર્યાલયના નોટીસ બોર્ડ ઉપર પ્રદર્શિત કરવી જોઈએ.

૮ સભાની સૂચના સામાન્ય રીતે જે તે સભ્યને પોતાને મળે તે રીતે મોકલવી જોઈએ. સભ્યની ગેરહાજરીમાં સૂચના તેના કુટુંબના પુખ્ત ઉંમરના પુરૂષને આપી શકાય. આ પણ શક્ય ન હોય તો સભ્યના ઘર ઉપર કે તેના નોકરી/ ધંધાના સ્થળ ઉપર સૂચના બે પંચોની રૂબરૂ પહોંચાડવી અને તેનું લેખીત રોજકામ કરી લેવું.

૯ પંચાયતે રજા તરીકે ગણ્યા હોય તેવા કોઈ પણ દિવસે સભા ભરવી નહિ.

# સભા સંચાલન

(૧) ગ્રામ પંચાયતની સભાના પ્રમુખપદે સરપંચ બેસશે. તેમની ગેરહાજરીમાં ઉપસરપંચ અને આ બંનેની ગેરહાજરીમાં સભાના હાજર સભ્યો પોતાનામાંથી જેને પ્રમુખપદ માટે પસંદ કરે તે સભ્ય બેસશે.

(૨) સરપંચની ગેરહાજરીમાં હાજર પૈકીના કોઈ સભ્યના પ્રમુખપદે સભા ચાલુ હોય તે દરમિયાન સરપંચ આવી પહોંચે તો તે પછી સભાનું કામકાજ સરપંચના પ્રમુખપદે ચાલશે.

(૩) ગણપૂર્તિ (કોરમ):- પંચાયતની સભામાં કામકાજ ચલાવવા માટેની ગણપૂર્તિ (એટલે કે ઓછામાં ઓછી જરૂરી સંખ્યા)સરપંચ સહિત પંચાયતના સભ્યોની કૂલ સંખ્યાના ત્રીજા ભાગની બનશે. દાખલા તરીકે જો કોઈ પંચાયતની કૂલ સભ્ય સંખ્યા સરપંચ સહિત ૧૦ હોય તો ગણપૂર્તિ ૪ સભ્યોની ગણાશે. એટલે કે ઓછામાં ઓછા ૪ સભ્યો હાજર હોય તો જ સભાનું કામકાજ ચલાવી શકાય.

(૪) ચાલુ સભાએ ગણપૂર્તિ તૂટી જાય તેવા પ્રસંગે સભાના પ્રમુખે વધુમાં વધુ એક કલાક રાહ જોયા બાદ સભા મુલત્વી રાખવી. અને મુલત્વી રાખેલી સભા હવે પછી કઈ તારીખે, સમયે અને સ્થળે મળશે તે પણ પ્રમુખે ત્યારે જ જાહેર કરવું.

(૫) આવી મુલત્વી રહેલી સભામાં માત્ર અગાઉની સભામાં અધૂરાં રહેલા કામકાજ જ કરી શકાશે.વળી આવી સભામાં ગણપૂર્તિ ન હોય તો પણ કામકાજ કરી શકાશે.

(૬) પંચાયતની સઘળી સભાઓ સામાન્ય રીતે લોકો માટે ખુલ્લી રહેશે.

(૭) પંચાયતની સભામાં સામાન્ય રીતે કામકાજનો ક્રમ નીચે પ્રમાણે રાખવો જોઈએ.

(૧) અગાઉની સભાની કાર્યનોંધને બહાલી

(૨) અગાઉની સભામાં લીધેલા નિર્ણય ઉપર લીધેલા પગલાંનો

અહેવાલ

(૩) ઠરાવો

(૪) આવક અને ખર્ચનું વિવરણપત્રક

(૫) પ્રગતિનો અહેવાલ

(૬) અંદાજપત્ર, યોજનાઓ, કાર્યક્રમો અને હિસાબ તપાસણી જેવી બાબતો

(૭) સરકાર કે કોઈ અધિકારી તરફથી રજુ કરવા જણાવેલ બાબત

(૮)સભાના પ્રમુખની પરવાનગીથી રજુ થાય તે બાબત

(૮) નિર્ણય લેવાની રીતઃ- પંચાયતની સભામાં નિર્ણય લેવાની આદર્શ રીત તો એ છે કે તમામ નિર્ણયો સર્વાનુમતે લેવાય. પરંતુ એ શક્ય ન હોય તો સભામા હાજર રહેલાની બહુમતિથી નિર્ણય લઈ શકાય. આવે પ્રસંગે સામાન્ય રીતે મતો હાથ ઉંચા કરીને લેવા. પણ જો હાજર રહેલા સભ્યોની બહુમતિ ગુપ્ત મતદાનથી નિર્ણય લેવાનું ઠરાવે તો તે પ્રમાણે કરવું જોઈએ.

(૯) સભામાં અવ્યવસ્થા થાય કે સભા બેકાબુ બની જાય તો સભાના પ્રમુખ એવી સભા મુલત્વી રાખી શકશે.

(૧૦) સભામાં કોઈ સભ્ય અડચણ કર્તા કે ત્રાસદાયક વર્તન કરે તો પંચાયતના હાજર સભ્યોની ત્રણ ચતુર્થાંશ બહુમતિ તેને તત્પૂરતો દૂર કરી શકશે.

**(શ્રી બિપીનચંદ્ર વૈષ્ણવ સંપાદિત નિયમ સંગ્રહ ઉપર આધારિત)**

# આર્થિક વ્યવસ્થા

**ગ્રામ પંચાયતના નાણાંકીય સ્ત્રોતો નીચે મુજબ છે.**

(૧) ગામ પંચાયતે પોતે નાંખેલા કર, ઉપકર કે ફી

(૨) ધૂળ, કચરો, છાણ અથવા પશુઓના મુડદાઓના વેચાણની ચોખ્ખી ઉપજ.

(૩) ઢોરના ડબ્બાની ફી.

(૪) કલમ ૨૦૩ અન્વયે પંચાયતે નાંખેલ વી.પી. સેસની રકમ જે રાજ્ય સરકાર વસુલ કરીને પંચાયતને આપે છે તે.

(૫) બક્ષીસ અથવા લોકફાળાની રકમ.

(૬) પંચાયતોના મકાનો, દુકાનોના ભાડાની આવક.

(૭) અન્ય પરચુરણ આવક.

(૮) વિકાસ કામો માટે જીલ્લા સમકારી ફંડ અને રાજ્ય સમકારી ફંડમાંથી મળતી ગ્રાન્ટ.

(૯) કરવેરાની આવક વધારનાર પંચાયતને જીલ્લા ગ્રામ ઉત્તેજક ફંડમાંથી મળતી પ્રોત્સાહક ગ્રાન્ટ.

(૧૦) વિકાસ કામો કરવા માટે જીલ્લા વિકાસ ફંડમાંથી મળતી લોનની રકમ.

(૧૧) જમીન મહેસુલની વસુલાતમાંથી ફાળે આવતી ગ્રાન્ટ.

(૧૨) તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત, વિકાસ કમિશનર કે રાજ્ય સરકારના વિવિધ ખાતાંઓની યોજનાઓમાટે મળતી રકમો.

**વિકાસ યોજનાઓ :**

ગામ પંચાયત ગામના સામૂહિક વિકાસ માટે, ગામના પછાત અને દલિત વર્ગોની ઉન્નતિ માટે કુટુંબલક્ષી કે વિસ્તારલક્ષી યોજનાઓનો લાભ પોતાની હકુમતનાં ગામ કે ગામોને અને તેમાં રહેતા યોગ્ય લાભાર્થીઓને મળે તે જોવું જોઈએ. આ માટે નીચેની વિગતો ઉપયોગી થશે.

(૧) **જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીની યોજનાઓ**

(ક) સંકલિત ગ્રામ વિકાસ કાર્યક્રમ.

(ખ) ટ્રાયસેમ યોજના.

(ગ) સ્ત્રી અને બાળકોના વિકાસ માટેની દ્વાકરા યોજના.

(ઘ) જીવનધારા યોજના.

(ચ) જવાહર રોજગાર યોજના.

(છ) ઈન્દિરા આવાસ યોજના.

(જ) ડીપીએપી અને ડીડીપી જેવા વિસ્તાર વિકાસ લક્ષી કાર્યક્રમ.

(૨) જિલ્લા આયોજન મંડળની યોજનાઓ જેવી કે પીવાના પાણી માટેની યોજના, આરોગ્ય વિષયક કામો, શાળાના ઓરડા, પ્રૌઢશિક્ષણ, પોષણ, ગંદા વિસ્તારોની પર્યાવરણલક્ષી સુધારણા, ગ્રામ્ય માર્ગો વગેરે.

(૩) આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળના કાર્યક્રમો

(૪) આદિજાતિ વિકાસ નિગમની સ્કીમો

(૫) અનુસૂચિત જાતિ વિકાસ નિગમની સ્કીમો

(૬) પછાત વર્ગ વિકાસ બોર્ડ હેઠળની સ્કીમો

(૭) મહિલા આર્થિક વિકાસ નિગમની યોજનાઓ

તાલુકા પંચાયતની કચેરીનો સંપર્ક સાધીને જરૂરી માહિતી અને માર્ગદર્શન મેળવી શકાય.

(૮) ભારત સરકારની કાપાર્ટ યોજના હેઠળ સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે ગામ માટે વિવિધ વિકાસ યોજનાઓ લઈ શકાય છે. ગામમાં સારૂં યુવક મંડળ, મહિલા મંડળ અથવા સમગ્ર ગામ માટે વિકાસ સંગઠન જેવી સ્વૈચ્છિક સંસ્થાઓને પ્રોત્સાહિત કરીને કાપાર્ટની યોજનાઓનો લાભ ગામનેમળે તે માટે પંચાયતે સક્રિય રસ લેવો જોઈએ.

# મહિલા સરપંચે લેવા જેવા પગલાં

રાજ્યની ત્રીજા ભાગની પંચાયતોમાં સરપંચ પદે મહિલાઓ આવી છે. લગભગ બધી મહિલા સરપંચો પહેલી વાર ગામના વિકાસ અને વહીવટનું સૂકાન સંભાળી રહીછે. પુરૂષપ્રધાન સમાજ રચનામાં મહિલાઓ માટે આવી કામગીરી વિશેષે કરીને પડકારરૂપ છે. આવી સ્થિતિમાં મહિલા સરપંચને કામગીરી કરવામાં સરળતા રહે એ માટે કેટલાંક સૂચનો નીચે આપ્યા છે.

(૧) ગામ પંચાયતની બેઠકનાં સ્થળ, સમય અને તારીખ નક્કી કરવાની સત્તા સરપંચની છે. એટલે મહિલા સરપંચે પોતાની અનુકૂળતા પ્રમાણે પંચાયતની બેઠકનું સ્થળ ( સામાન્ય રીતે પંચાયતની ઓફીસ), સમય અને તારીખ નક્કી કરવાં. આની જાણ તાલુકા વિકાસ અધિકારીને કરવી.

(૨) પંચાયતની બેઠકમાં મહિલા સરપંચ એકલાં પડી ન જાય તે માટે તેણે પંચાયતના અન્ય સ્ત્રી સભ્યોની સાથે મળીને એક જુથ તરીકે સહુ વર્તે તેવું આયોજન કરવું જોઈએ.

(૩) મહિલા સરપંચને પંચાયતની બહાર પણ જરૂરી ટેકો મળી રહે તે માટે ગામમાં મહિલા મંડળ રચાય અને મહિલા મંડળ હયાત હોય તો તેવા હયાત મહિલા મંડળની સાથે સતત સંપર્કમાં રહેવું જોઈએ.

(૪) ગામના યુવક મંડળનો સાથ, સહકાર પણ પોતાને મળી રહે તે માટે યુવક મંડળ સાથે પણ મહિલા સરપંચે સંપર્ક જાળવી રાખવો જોઈએ.

(૫) પોતાની ફરજો બજાવવામાં આત્મવિશ્વાસ વધે તે માટે પંચાયતની વહીવટી બાબતો, તેનાં નાણાકીય સ્ત્રોતો વગેરેની જાણકારી મેળવવી જોઈએ. આ માટે સરકાર તરફથી કે સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી તાલિમ વર્ગો યોજાય તેમાં અચૂક ભાગ લેવો જોઈએ.

(૬) અનેક મહિલા સરપંચો અભણ હોવાનો પણ સંભવ છે. આવી મહિલા સરપંચોએ વહેલી તકે જરૂર પૂરતું અક્ષરજ્ઞાન પ્રૌઢશિક્ષણ યોજનાના માધ્યમ મારફતે મેળવી લેવું જોઈએ. આના કારણે તેમનો આત્મવિશ્વાસ વધશે.

# સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા

પંચાયતી રાજના સ્વસ્થ વિકાસ માટે બે પ્રકારની સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્યરત બને એવી અપેક્ષાછે.

(૧) જેમનું કાર્યક્ષેત્ર, તાલુકો, જીલ્લો કે રાજ્ય કક્ષા જેવું વિશાળ હોય,

(૨) ગામની સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ જેવી કે મહિલા મંડળ, યુવક મંડળ ઈત્યાદિ

ઉપર પૈકીની પહેલા પ્રકારની સ્વૈચ્છિક સંસ્થાઓ નીચે પ્રમાણેની પ્રવૃત્તિ ગ્રામ કક્ષાએ કરે એ ઈચ્છનીય છે.

(૧) મહિલાઓ અને પછાત/દલિત વર્ગની વ્યક્તિઓ પંચાયતી વ્યવસ્થામાં હોદ્દેદારો તરીકે અથવા સભ્ય તરીકે અસરકારક રીતે પોતાની ભૂમિકા ભજવી શકે તે માટે ગામડામાં યોગ્ય વાતાવરણ પેદા કરવું જરૂરી છે. આ માટે પુરુષ પ્રધાન સમાજની પકડ ઓછી થાય, પુરૂષો મહિલાઓની આ નવી ભૂમિકાને સ્વીકારતા થાય તેમજ જ્ઞાતિવાદી વલણો પણ ઢીલાં પડે એ માટે ગામડાંઓમા જાગૃતિ અભિયાન ચલાવે.

દરેક સ્ત્રીમાં રહેલી માતૃશક્તિ, તેની કરૂણા અને વાત્સલ્ય ભાવનાના સ્પર્શનો લાભ સ્ત્રી જાહેર જીવનમાં ભાગ લેતી થશે ત્યારે સમાજને મળશે એ મુદ્દા ઉપર ભાર મૂકવો જોઈએ. વળી જગત ભરમાં સ્ત્રી પોતાનું ઘર અને કુટુંબ ખૂબ વ્યવસ્થિત રીતે ચલાવે છે. તેની વ્યવસ્થાશક્તિનો લાભ પણ સ્ત્રીનું જાહેર જીવનમાં પદાર્પણ થતાં સમાજને મળશે એ મુદ્દો પણ જાગૃતિ અભિયાનના કાર્યક્રમમાં ભારપૂર્વક જણાવવો.

(૨) યોગ્ય વાતાવરણની સાથોસાથ મહિલાઓને તથા પછાત/દલિત વર્ગોની વ્યક્તિઓને પંચાયતના હોદેદાર કે સભ્ય તરીકેની ભૂમિકા તેઓ અસરકારક રીતે ભજવી શકે તે માટે જરૂરી હોય તેવી તાલિમ આપવામાં આવે.

(૩) મહિલા હોદ્દેદારોને તથા પછાત/દલિત વર્ગના હોદ્દેદારોને તેમની

ફરજો બજાવવામાં ટેકારૂપ બને તે માટે ગામડાંમાં મહિલા મંડળ, યુવક મંડળ જેવી સ્વૈચ્છિક સંસ્થાઓ રચાય તે માટે કોશિશ કરવી.

(૪) ગામ પંચાયતની મહિલા હોદ્દેદારો અને પછાત/દલિત વર્ગના હોદ્દેદારોને તાલુકા કક્ષાએ, જીલ્લા કક્ષાએ કે રાજ્ય કક્ષાએ ટેકારૂપ બને તેવા સંગઠનો ઉભાં કરવાં અથવા હયાત સંગઠનો આ કામગીરીમાં સક્રીય રીતે રસ લેતાં થાય તેવી કોશિશ કરવી.

**સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થા :**

ગામડામાં સ્થાનિક મહિલા મંડળ અને યુવક મંડળ જેવી સંસ્થાઓ પણ ગામ પંચાયતના મહિલા હોદેદારોને તથા પછાત/દલિત વર્ગના હોદેદારોને ઉપયોગી ટેકો પૂરો પાડી શકે.

ગ્રામ પંચાયતમાં મહિલા સરપંચ હશે તેની સાથે ત્રીજા ભાગની બેઠકો ઉપર ચૂંટાયેલી મહિલા સદસ્યો પણ હશે તેમ છતાં બે ભાગના સભ્યો પુરૂષો હોવાના કારણે તેમજ પોતાના પુરૂષ-અહંના કારણે તેઓ પુરુષ વર્ચસ્વ ચાલુ રાખવા માટે જાણ-અજાણે પ્રયાસ કરશે. આ સંજોગોમાં મહિલા હોદ્દેદારને બે રીતે ઉપયોગી ટેકો મળી શકે.

(૧) પંચાયતમાં ચૂંટાયેલી મહિલા સભ્યો અને મહિલા સરપંચ એક બીજા સાથે સંપર્કમાં રહે અને એક જુથ તરીકે વર્તે.

(૨) ગામનું મહિલા મંડળ પંચાયતના મહિલા સરપંચને બહારથી ટેકો પૂરો પાડે.

(૩) યોગ્ય રીતે કેળવવામાં આવે તો યુવક મંડળના સભ્યો પણ મહિલા સરપંચને તેમજ પછાત/દલિત વર્ગના સરંપચને ઉપયોગી થઈ શકે.

## પંચાયતી રાજના વિકાસમાં રસ ધરાવતી સ્વૈચ્છિક સંસ્થાઓની યાદી

પંચાયતી રાજના વિકાસમાં રસ ધરાવતી હોય એવી અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ ગુજરાતમાં છે. આવી કેટલીક સંસ્થાઓની નામાવલિ નીચે આપી છે.આ નામાવલિ સંપૂર્ણ નથી. અમારા પાસે હાથવગી હતી તે યાદી અહીં

આપી છે.

૧ ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદ, ગાંધીનગર
૨ ગુજરાત પંચાયતી રાજ વિકાસ સંગઠન, અમદાવાદ
૩ ગુજરાત બિરાદરી, અમદાવાદ
૪ ગુજરાત લોકસમિતિ, અમદાવાદ
૫ ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ, ગુંદી
૬ ઉન્નતિ, અમદાવાદ
૭ ઉત્થાન, અમદાવાદ
૮ અવાજ, અમદાવાદ
૯ સેવા, અમદાવાદ
૧૦ અસાગ, અમદાવાદ
૧૧ જ્યોતિસંઘ, અમદાવાદ
૧૨ સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સૂરત
૧૩ યુવા, અમદાવાદ
૧૪ વિકસત, અમદાવાદ
૧૫ સ્વાતિ સંસ્થા, પાટડી
૧૬ મહિલા સામખ્ય રાજકોટ
૧૭ મહિલા સામખ્ય (સાબરકાંઠા) હિંમતનગર
૧૮ જાગૃત મહિલા સંગઠન, આણંદ
૧૯ સદ્‌ગુરૂ વોટર એન્ડ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન, દાહોદ
૨૦ આગાખાન રૂરલ સપોર્ટ પ્રોગ્રામ, સાયલા
૨૧ સંગાથ, મોડાસા
૨૨ ગુજરાત ખેડુત સમાજ, નવાગામ
૨૩ એનાર્ડ ફાઉન્ડેશન, વણાંકબોરી
૨૪ સારથિ, ગોધર (પશ્ચિમ)
૨૫ દૃષ્ટિ, અમદાવાદ
૨૬ મહિલા સામખ્ય, વડોદરા
૨૭ સેન્ટર ફોર સોશ્યલ જસ્ટીસ, અમદાવાદ
૨૮ વેડછી પ્રદેશ સેવા સમિતિ, વાલોડ
૨૯ ઈરમા, આણંદ
૩૦ યોગાંજલિ આશ્રમ, ખોલવાડા (તા. સિધ્ધપુર)

૩૧ ગ્રામભારતી, અમરાપુર (તા. કલોલ)
૩૨ અભિનવ ભારત અભિયાન, રાજકોટ
૩૩ જનપથ, અમદાવાદ
૩૪ નયા માર્ગ, અમદાવાદ
૩૫ દિશા, અમદાવાદ
૩૬ અભિક્રમ, અમદાવાદ
૩૭ ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ સંઘ, અમદાવાદ
૩૮ ગુજરાત વોલન્ટરી હેલ્થ એસોસિએશન, વડોદરા
૩૯ આશરા (મુ. ગઢ, તાલુકો-ગોધરા)
૪૦ ગુજરાત સર્વોદય મંડળ
૪૧ ગ્રામસેવા નિકેતન (મુ. આદીવાડા, તા.ચાણસ્મા)
૪૨ અમર ભારતી, મોટી પાવઠી (જિ.અમદાવાદ)
૪૩ કચ્છ મહિલા વિકાસ સંગઠન, ભૂજ
૪૪ અંજલિ, મુ. રણાસણ (જી. સાબરકાંઠા)
૪૫ સેતુ, અમદાવાદ
૪૬ સેવા મંડળ મેઘરજ, કસાણા (જી. સાબરકાંઠા)
૪૭ એનાર્ડે ફાઉન્ડેશન, નવસારી
૪૮ માનવ કલ્યાણ ટ્રસ્ટ, ખેરોજ (જી. સાબરકાંઠા)
૪૯ ગ્રામ વિકાસ સેવા ટ્રસ્ટ, મુ. સાબલવાડ (જી. સાબરકાંઠા)
૫૦ સેન્ટર ફોર એન્વાયરમેન્ટ એજ્યુકેશન, અમદાવાદ
૫૧ નવદીપ પ્રગતિ યુવક મંડળ, પોશિના
૫૨ વિકસત, અમદાવાદ
૫૩ ચેતના, અમદાવાદ
૫૪ મહાત્મા ગાંધી લોકસેવા સંઘ, મેઘરજ
૫૫ સંચેતના, અમદાવાદ
૫૬ સર્વોદય આશ્રમ, માઢી
૫૭ વિશ્વગ્રામ, પેઢામલી (તા.વિજાપુર)
૫૮ યુવક વિકાસ કેન્દ્ર, અમદાવાદ.

# સરકારને સૂચવવાનાં પગલાં

હવે રાજ્યની ત્રીજા ભાગની પચાયતોમાં સ્ત્રી સરપંચો છે. આ એક અભૂતપૂર્વ પરિસ્થિતિ છે. અત્યાર સુધી સમાજના લગભગ દરેક સ્તરે પુરૂષ વર્ચસ્વ રહ્યું છે. વળી અત્યાર સુધી સમાજમાં ભદ્ર વર્ગીય સવર્ણ લોકોનું વર્ચસ્વ રહ્યું છે. પણ હવે અનેક ગામડાઓમાં દલિત/પછાત વર્ગની વ્યક્તિ સરપંચ પદે છે. આ નવી પરિસ્થિતિના સંદર્ભમાં વ્યવહારની અનેક બાબતોને બદલવી પડશે. આ દૃષ્ટિથી સરકારને કેટલાં સચનો નીચે પ્રમાણે કરવામાં આવે છે.

(૧) અત્યારે પંચાયતી રાજ સંસ્થાના અધિકારીઓ એટલે કે તાલુકા વિકાસ અધિકારી અને વિસ્તરણ અધિકારીઓને પોતાના કાર્યક્ષેત્રના ગામડાઓમાં દર માસે કેટલાક રાત્રિ મુકામ ફરજિયાત કરવાના હોય છે. જેથી ગામલોકો રાત્રે નિરાંત મળે અને વિકાસની બાબતોઅંગે તેમનેવાતો કરી શકે. સ્વાભાવિક રીતે જ સરપંચની હાજરી તેમાં અપેક્ષિત હોય. હવે આ પ્રથા ચાલું રહે તો સ્ત્રી સરપંચને માટે રાત્રે અધિકારીના મુકામના સ્થળે હાજરી આપવાનું શકય બને નહિ એટલે સરકારે આ અધિકારીઓને માટે સ્પષ્ટ સૂચનાઓ જારી કરવી જોઈએ કે તેમણે દિવસના સમયે અને ખાસ કરીને સ્ત્રીઓના અનુકૂળ સમયે (બપોરે ૨-૦૦ થી ૪-૦૦ સુધી)વિકાસના પ્રશ્નો અંગે ગામની મુલાકાત લેવી જોઈએ અને ત્યારે જ સ્ત્રી સરપંચની હાજરીની અપેક્ષા રાખવી જોઈએ.

(૨) કેટલીક વાર નિવારી શકાય તેવાં નાનાં નાનાં કામો માટે પણ તાલુકા વિકાસ અધિકારી તરફથી સરપંચને અવારનવાર તાલુકા મથકે બોલાવવામાં આવે છે. સ્ત્રી સરપંચને માટે અવાર નવાર તાલુકા મથકે જવાનું સરળ નથી. તેથી ખાસ અનિવાર્ય સંજોગો સિવાય સ્ત્રી સરપંચોને તાલુકા મથકે બોલાવવાં નહિ એવો આદેશ સરકાર તરફથી અધિકારીઓને અપાવો જોઈએ.

(૩) તલાટી-કમ-મંત્રીની જગા ઉપર મહિલાઓની ભરતી થતી નથી. સ્ત્રી સરપંચ હોય પણ તેને કાયમ પુરૂષ તલાટી-કમ-મંત્રી સાથે જ વ્યવહાર કરવો પડે તે પરિસ્થિતિમાં ફેરફાર થાય તે માટે સરકારે તલાટી-કમ-મંત્રીની જગા ઉપર સ્ત્રીઓની ભરતી ખાસ ઝુંબેશના રૂપમાં કરવી જોઈએ.

(૪) અનેક ગામડાંમાં પંચાયતના કોઈ કોઈ સભ્યો દારૂનો નશો કરીને પંચાયતની બેઠકમાં આવતા હોય છે. આવા વાતાવરણમાં સ્ત્રી સરપંચને માટે પંચાયતની બેઠકનું સંચાલન કરવું એ મુશ્કેલ બને તેમ છે. આવા નશાબાજ સભ્યને સભામાંથી બહાર કાઢવાના સંજોગ પણ ઉભા થાય. આવે સમયે સ્ત્રી સરપંચને પોલિસની સહાય મળી રહે તેવી વ્યવસ્થા સરકારે કરવી જોઈએ.

(૫) **પછાત/દલિત વર્ગના સરપંચને પણ રૂઢિચુસ્ત ભદ્રવર્ગીય ગામ આગેવાનો તરફથી મુશ્કેલીઓનો સામનો કરવો પડે.** કેટલીક વાર **મારામારી જેવા પ્રસંગો ઉભા થાય. આવા સમયે** સરપંચને તથા **તેના કુટુંબીજનોને પોલિસ રક્ષણ મળી** રહે તે માટે સરકારે યોગ્ય **સૂચનાઓ આપવી જોઈએ**.

(૬) તલાટી-કમ-મંત્રીનો પગાર જમીન મહેસુલ વસુલાતમાંથી પંચાયતી રાજ સંસ્થાઓને મળવા પાત્ર ગ્રાન્ટમાંથી કાપી લઈને અપાય છે. આ રીતે ગ્રાન્ટ કપાત થવી ન જોઈએ પણ રાજ્ય સરકારે પોતાના કોષમાંથી પગારની ચૂકવણી કરવી જોઈએ.

(૭) સ્વૈચ્છિક સંસ્થાઓને રાજ્ય સરકારે નીચે પ્રમાણેની પ્રવૃતિઓ કરવા માટે નાણાંકીય ટેકો કરવો જોઈએ.

(૧) ગામડામાં પુરૂષપ્રધાન સમાજની પકડ ઓછી થાય, સ્ત્રી-પુરૂષની સમાનતા માટેનું વાતાવરણ તૈયાર થાય તથા જ્ઞાતિવાદી વલણો ઢીલાં પડે તે માટે જાગૃતિ અભિયાન ચલાવવા માટે.

(૨)મહિલા હોદેદારો અને પછાત/દલિત વર્ગના હોદેદારો અસરકારક રીતે કામગીરી કરી શકે તે માટે જરૂરી તાલિમ આપવા માટે.

# મૂળગામી ફેરફારો માટે સરકારને સૂચનો

હાલના કાયદાથી પંચાયતી રાજ સંસ્થાઓને સાચા અર્થમાં સ્વશાસનના અધિકારો આપવામાં આવ્યા નથી. સરકારી વિકાસ યોજનાઓના અમલીકરણ માટેના એજન્ટ તરીકેની ભૂમિકા આ કાયદાએ પંચાયતોને આપી છે. ગામડાની કક્ષાએ સાચું ગ્રામ સ્વરાજ સ્થપાય અને પં.રા. સંસ્થાઓ યોગ્ય રીતે સ્વશાસનની સંસ્થાઓ બને તે માટે નીચે પ્રમાણેનાં સૂચનો કરવામાં આવે છે.

(૧) ગ્રામ કક્ષાનાં સ્થાનિક પ્રાકૃતિક સાધનો જેવાં.કે ખેડવાણ અને બિનખેડવાણ જમીન, જળાશયો, ગ્રામ જંગલ, ગૌચર વગેરેનો પૂરેપૂરો વહીવટ કરવાના અધિકાર ગ્રામ સભાને સુપ્રત કરવા જોઈએ.

(૨) ગ્રામ સભાના આદેશ અન્વયે ગ્રામ પંચાયતે રોજબરોજનો વહીવટ કરવો જોઈએ.

(૩) અત્યારે રાજ્ય કક્ષાએથી પં.રા. સંસ્થાઓને જે રકમ આપવામા આવ છે તેમાંની મોટા ભાગની રકમ તો સરકારી વિકાસ યોજનાઓ ચલાવવા માટેની હોય છે. ખૂબ જ મામૂલી રકમ પં.રા. સંસ્થા પોતાની મુન્સફી પ્રમાણે વાપરી શકે તેવી હોય છે. વસ્તુતઃ ગ્રામ વિસ્તારમાંથી રાજ્ય કોષમાં ગંજાવર રકમો સીધા અને આડકતરા કરવેરા દ્વારા જમા થતી હોય છે. આવી રકમનો સારો એવો હિસ્સો પં.રા. સંસ્થાઓ પોતાની મુન્સફી પ્રમાણે વિકાસ યોજનાઓ માટે વાપરી શકે તે રીતે સરકારે આપવો જોઈએ.

(૪) હાલના કાયદા પ્રમાણે વિકાસ કમિશનર અમુક ચોક્કસ સંજોગોમાં કોઈ પણ સ્તરની પંચાયતને સુપરસીડ કરી શકે છે તેમજ તેનું વિસર્જન પણ કરી શકે છે. પં.રા. સંસ્થા ઉપર કુઠારાઘાત કરે એવી સત્તા કોઈ અધિકારીને પછી ભલે ને તે ગમે તેવી ઉચ્ચ કક્ષાના અધિકારી હોય તેને આપવી ન જોઈએ.

(૫) વળી પં.રા. સંસ્થાના હોદેદારોને સસ્પેન્ડ કરવા, હોદ્દા ઉપરથી બરતરફ કરવા, હોદેદારોનીચૂંટણી અંગેના વિવાદમાં નિર્ણય કરવો જેવી બાબતો અંગેની સત્તા મહદઅંશે રાજ્ય સરકારના અધિકારીઓને અને કંઈક અંશે ઉચ્ચ સ્તરની પં.રા. સંસ્થાઓને અપાયેલ છે. આના કારણે સત્તાનો

દુરૂપયોગ થવાનો અથવા એવી આશંકા ઉભી થવાનો સંભવ છે.

આથી ઝીણાભાઈ દરજી સમિતિએ સિત્તેરના દાયકામાં કરેલી ભલામણ મુજબની વ્યવસ્થા કરવી જોઈએ. સૂચિત વ્યવસ્થા નીચે મુજબ છે.

(૧) રાજ્યમાં વિભાગીય સ્તરે એક વિભાગીય ટ્રીબ્યુનલ સ્થાપવી. આ ટ્રીબ્યુનલ ના અધ્યક્ષ સેશન્સ અને ડીસ્ટ્રીક્ટ જજના સમકક્ષ ન્યાયિક અધિકારી હોય. ઉપરાંત તેમાં વહીવટી અનુભવ ધરાવતાબે અન્ય સભ્યો હોય. આ ટ્રીબ્યુનલને નીચેના કિસ્સાઓમાં નિર્ણય લેવાના અધિકાર હોવા જોઈએ.

(ક) સરપંચ, ઉપસરપંચ તથા તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખનું સસ્પેન્શન અને બરતરફી.

(ખ) ઉપરોક્ત હોદેદારોની ચૂંટણી બાબતમાં વિવાદ ઉભો થયો હોય તેવા કિસ્સામાં નિર્ણય કરવો.

(ગ) ગ્રામ પંચાયત અને તા. પં. ના સભ્યપદની ગેરલાયકાત.

(૨) રાજ્યકક્ષાએ હાઈકોર્ટના જજના સમકક્ષ ન્યાયિક અધિકારીના અધ્યક્ષપદે રાજ્યકક્ષાની ટ્રીબ્યુનલ સ્થાપવી. ઉપર પ્રમાણેની સત્તા જીલ્લા પંચાયતના હોદેદારોના કિસ્સામાં રાજ્યકક્ષાની ટ્રીબ્યુનલને હોવી જોઈએ. વળી વિભાગીય ટ્રીબ્યુનલના નિર્ણય ઉપરની એપેલેટ ઓથોરિટી તરીકે પણ રાજ્યકક્ષાની ટ્રીબ્યુનલને અધિકાર હોવા જોઈએ.

(૬) કોઈ પણ સ્તરની પંચાયતને સુપરસીડ કરવાની કે તેને બરખાસ્ત કરવાની સત્તા વિકાસ કમિશનરને બદલે રાજ્ય કક્ષાની ટ્રીબ્યુનલને હોવી જોઈએ.

(૭) હાલના કાયદામાં અનેક પોલાણ રાખવામાં આવ્યાં છે. આવાં પોલાણ સરકારી જાહેરનામા દ્વારા અધિકારીઓને સત્તા આપવા માટે રાખવામાં આવ્યાં છે. રાજ્ય સરકારે આવાં અનેક જાહેરનામાં બહાર પાડીને મોટે ભાગે અધિકારીઓને અને કોઈ પ્રસંગોમાં ઉપલા સ્તરની પં.રા. સંસ્થાને અમુક સત્તા આપેલ છે. આના પરિણામે પંચાયતી રાજ્ય વ્યવસ્થાનું નોકરશાહીકરણ થયું છે તેમજ સરળતાથી નીચલા સ્તરની સંસ્થાઓને આપી શકાય તેવી સત્તાનું વધારે ઉંચા સ્તરની સંસ્થામાં કેન્દ્રીકરણ થયું છે. આવું નોકરશાહીકરણ અને સંસ્થાગત કેન્દ્રીકરણ પંચાયતરાજના સ્વસ્થ અને સબળ વિકાસના હિતમાં દૂર થવું જોઈએ.

## પંચાયત ધારાની અનુસૂચિ-૧ -
## જુઓ કલમ ૯૯

# જે બાબતોના સંબંધમાં જોગવાઈ કરવાની ગ્રામ પંચાયતોની ફરજ છે તે બાબતો :-

૧ **સ્વાસ્થ્ય ક્ષેત્રે**

★ ઘર વપરાશ અને ઢોર માટે પાણી

★ જાહેર રસ્તાઓ, મોરી, તળાવ, કુવા, જાહેર જગાઓ બાંધવા, અને સાફ કરવા બાબત

★ લોકસ્વાસ્થ્ય જાળવવા, સાર્વજનિક ચિકિત્સાલયો અને દવાખાનાં સ્થાપવાં, નિભાવવાં, વૈદકીય રાહત પૂરી પાડવા બાબત

★ ચા, કોફી, ને દુધની દુકાનોના લાયસન્સ આપીને અથવા બીજી રીતે તેનું નિયમન કરવા બાબત.

★ સ્મશાન અને કબ્રસ્તાનની જગાઓની જોગવાઈ, જાળવણી ને નિયમન

★ કોઈપણ ચેપી રોગ ફાટી નીકળતો, પ્રસરતો અને ફરીથી આવતો અટકાવવાં પગલાં લેવાં.

★ અનારોગ્ય વિસ્તારોને નવસાધ્ય કરવા

★ પ્રસૂતિ અને બાળ-કલ્યાણ બાબત, (બાળકોની રસી મૂકાવવાને ઉત્તેજન બાબત)

★ માણસોને શીતળા કઢાવવા અને પશુઓને રસી મૂકાવવા માટે ઉત્તેજન આપવા બાબત.

★ ઉપદ્રવકારક અથવા જોખમકાર ધંધાઓ અથવા વ્યવસાયોનું નિયમન કરવા, અંકુશમાં રાખવા તથા તે દૂર કરવા બાબત.

★ જોખમકારક મકાનો અથવા જગાઓ સુરક્ષિત કરવા અથવા કાઢી

નાખવા બાબત.

★ સાર્વજનિક રસ્તાઓ, ગરનાળા, પંચાયતના હદનિશાનો, બજારો, કતલખાનાં, પાયખાનાં, જાજરા, મુતરડીઓ, નીકો, ગટરો, પાણીના નિકાલ માટેના કામો, ગટરકામો, નાહવાની જગાઓ, ધોવાની જગાઓ, પાણી પીવાના ફુવારા, તળાવો, કુવાઓ, બંધો, અને તેવાં બીજાં કામો બાંધવા, તેમાં ફેરફાર કરવા, નિભાવવા બાબત.

★ અધિનિયમના હેતુઓ સારુ અથવા પંચાયતની કોઈ પણ મિલકતના રક્ષણ સારૂ, પંચાયતોને જોઈતા પોલીસ અથવા રક્ષકો બદલ વેતન ને આકિસ્મક ખર્ચ આપવા બાબત.

**૧-અ સફાઈના ક્ષેત્રે**

★ પાણીના સિંચાઈ માટે વપરાતા તળાવો, કુવા, જાહેર જગાઓ સાફ કરવા બાબત.

★ મૃત પશુઓનાં મુડદાઓનો પદ્ધતિસર નિકાલ થાય એ માટે નિયમન, એ માટે નિશ્ચિત જગા, સાધનોની જોગવાઈ, ઢોર અને માણસનાનધણિયાતાં શબની વ્યવસ્થા.

★ સાર્વજનિક જાજરૂઓ ને મુતરડીઓ બાંધવા અને નિભાવવાં.

★ કચરાના ઢગલા, જંગલનું ઉત્પન્ન, કાંટાળા થુવેર દૂર કરવા, ઉપયોગમાં ન લેવાતાં કુવા, અનારોગ્ય તળાવો, ખાબોચિયા, ખાડીઓ અથવા પોલાણો પુરવા બાબત, સિંચાઈ કરેલા વિસ્તારોમાં પાણી એકઠું થતાં ગંદકી અટકાવવા બાબત, આરોગ્ય જાળવણી તથા વૃદ્ધિની દ્રષ્ટિએ જરૂરી અન્ય પગલાં લેવા બાબત.

★ ગળતિયા ખાતરના ખાડાઓની જોગવાઈ અને જાળવણી કરવા બાબત.

★ ઢોર રાખવા અંગેનું નિયમન કરવા, રખડતાં ઢોર તથા કૂતરા સામે જરૂરી પગલાં લેવા બાબત.

★ સાર્વજનિક રસ્તાઓ, જગાઓ પર પાણી છાંટવા બાબત.

★ સાર્વજનિક રસ્તાઓ, જગાઓ, અને ગટરો તથા ખાનગી મિલ્કત જગાઓ, પછી તે પંચયાતને પ્રાપ્ત થઈ હોય અથવા લોક ઉપકારક ન થઈ હોય તે સાફ કરવા બાબત, ઉપદ્રવકારક ઝાડપાન કાઢી નાખવા બાબત અને સઘળાં લોકોપકારક કૃત્યો કરવા બાબત.

★ આગ ઓલવવા બાબત, અને આગ લાગે ત્યારે જીંદગી તથા મિલકતનું રક્ષણ કરવા બાબત.

★ સાર્વજનિક રસ્તાઓ અથવા જગાઓમાંથી તથા ખાનગી મિલકત ન હોય પણ લોકોના ઉપયોગ માટે ખૂલ્લી હોય એવી જગાઓ પંચાયતને પ્રાપ્ત થઈ હોય અથવા સરકારના કબજામાં હોય,તેમાંની નડતરો, અને બહાર નીકળતા કોઈપણ બાંધકામો કાઢી નાખવા બાબત.

★ વર્તમાન પાણીનો પુરવઠો અપુરતો અથવા રોગકારક હોવાને લીધે રહેવાસીઓના સ્વાસ્થ્યને થતું જોખમ અટકાવવા માટે યોગ્ય અને પૂરતો પાણી પૂરવઠો અથવા વધારાનો પુરવઠો જ્યારે વાજબી ખર્ચે મળી શકે એમ હોય ત્યારે તે આપવા બાબત.

૨. **જાહેર બાંધકામ ક્ષેત્રે :**

★ પંચાયતના સફાઈ માટેના કામદારો સારૂ નિવાસસ્થાનો બાંધવા તથા નિભાવવા બાબત.

★ દુષ્કાળ અથવા અછતના વખતે પંચાયતની હદમાંના નિરાધાર લોકોને રાહત આપવા બાબત તથા તેઓ માટે રાહતના કામો સ્થાપવા તથા નિભાવવા બાબત.

★ સાર્વજનિક શેરી અથવા જગાઓમાંથી અને ખાંનગી મિલ્કત ન હોય અને જનતાને માટે ખુલ્લા હોય તે ઘરથારો પંચાયતને પ્રાપ્ત થયા હોય અથવા સરકારના કબજામાં હોય તો તેમાંથી નડતર અને રરસ્તા ઉપર બહાર નીકળતા બાંધકામ દૂર કરવા બાબત.

★ જાહેર રસ્તા, મોરી પુસ્તા અને પુલોના બાંધકામ, નિભાવ ને મરામત બાબત.

પરંતુ આ રસ્તા, મોરી પુસ્તા, અને પુલો બીજા કોઈપણ સાર્વજનિક સત્તા મંડળ ને હસ્તક હોય ત્યાં આવો કામો તે સત્તા મંડળની સંમતિ સિવાય હાથ ધરવાં નહિ.

★ પંચાયતને પ્રાપ્ત થયેલ મકાનો, અથવા પંચાયતના નિયંત્રણ હેઠળ હોય તેવાં સરકારી મકાનો, ગૌચરો, ભારત વન અધિનિયમ (સન ૧૯૨૭નો ૧૬મો) ૧૯૨૭ની કલમ ૨૮ મુજબ સોંપેલી જમીન સહિતની જંગલનીજમીન (સિંચાઈ માટે વપરાતાં હોય તે સિવાયના)તળાવો તથા કુવાઓ નિભાવવા તથા તેમના વપરાશનું નિયમન કરવા બાબત.

★ ગામમાં દીવા બત્તીની વ્યવસ્થા કરવા બાબત.

★ મેળા માટેના બજાર માટેના, ટાંગા તથા ગાડી ઉભી રાખવાની જગાઓ માટેના નિયંત્રણો બાબત.

★ કતલખાનાં બાંધવા અને નિભાવવા અથવા તેમનું નિયંત્રણ કરવા બાબત.

★ બજારના રસ્તાઓ ઉપર અને બીજી સાર્વજનિક જગાઓમાં ઝાડ રોપવા બાબત અને તેમના નિભાવ અને સંરક્ષણ બાબત

★ નાહવાના અને ધોવાના ઘાટોની વ્યવસ્થા ને નિયંત્રણ કે જેની બીજા કોઈ અધિકારી વ્યવસ્થા કરતા ન હોય

★ બજારો સ્થાપવાં અને નિભાવવા બાબત.

★ ઢોર પુરવાના ડબ્બાની સ્થાપના, નિયંત્રણ અને વ્યવસ્થા.

★ ગામના ઘરથારોને વિસ્તૃત કરવા બાબત અને ઠરાવી શકાય તેવા સિદ્ધાંતો અનુસાર મકોનોનું અને ગૃહનિર્માણ યોજનાનું નિયમન કરવા બાબત.

★ વખારો, દુકાનો, ખરીદ કેન્દ્રો ઈત્યાદિનાં મકાનોનાં બાંધકામ અને

નિભાવ બાબત.

★ સામુહિક ઉપયોગ માટેના મકાનોનાં અને વિકાસની દ્રષ્ટિએ જરૂરી મકાનોનાં બાંધકામ અને તેના નિભાવ બાબત.

★ વિદ્યુત શક્તિના ઉત્પાદન, વહેંચણી અને પુરવઠો અને તે સાથે સંકળાયેલી બાબતો.

૩ **શિક્ષણ અને સંસ્કાર ક્ષેત્રે :**

★ શિક્ષણનો ફેલાવો કરવા બાબત.

★ અખાડા, ક્રીડાંગણો, ક્લબો અને સ્ત્રીઓ તથા યુવકો માટે આનંદ પ્રમોદના બીજા કેન્દ્રોની સ્થાપના અને નિભાવ બાબત.

★ નશાબંધી પ્રચાર, અસ્પૃશ્યતા નિવારણ, પછાત વર્ગની સ્થિતિની સુધારણા, લાંચરૂશ્વતની નાબૂદી અને જુગાર તથા બીજી અસંસ્કારી ગુનાહિત પ્રવૃતિઓને ઉત્તેજન ન આપવા સહિત સામાજિક અને નૈતિક શિક્ષણનો કાયક્રમ હાથ ધરવા અને પાર પાડવા બાબત.

★ રાજ્યે કરેલા આયોજન મુજબ પ્રાથમિક શિક્ષણ ફરજિયાત દાખલ કરવામા મદદ કરવા બાબત.

★ શાળા માટે મકાનોની જોગવાઈ, તથા એની મરામત ને નિભાવ બાબત.

★ શિક્ષણ માટે જરૂરી સાધન સામગ્રીની જોગવાઈ

★ પૂર્વ-પ્રાથમિક શિક્ષણ તેમજ બાળ કલ્યાણની પ્રવૃત્તિ બાબત.

★ શાળાના ફંડનો વહીવટ કરવા તથા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે જરૂરી આર્થિક સહાય કરવા બાબત.

★ લોકશિક્ષણની દ્રષ્ટિએ, શાળાના ઉત્સવો યોજવા, સમારંભો યોજવા, સંસ્કાર કાર્યક્રમો યોજવા બાબત.

★ શાળાના બાળકો માટે શક્ય હોય તો આહાર-ઉપહારની સગવડ કરવા બાબત.

★ માધ્યમિક શાળાઓની સ્થાપના બાંધકામ અને નિભાવ.

૪ **આત્મરક્ષણ અને ગ્રામ રક્ષણના ક્ષેત્રે :-**(ગામમાં શાંતિ જળવાઈ રહે તે માટે)

★ ગામની સીમના પાકની સંભાળ અને રક્ષણ કરવા તથા તે માટે સ્વયં સેવક દળ કે અન્ય સંગઠનો રચવા, તેને ઉત્તેજન તથા મદદ આપવા બાબત.

★ સ્વરક્ષણ તથા ગ્રામરક્ષણની કક્ષાએ ગામના યુવાનોને તાલીમ મળી રહે એવો પ્રબંધ કરવા અને સરકાર તરફથી યોજાતી આવી તાલીમમાં સહાય કરવા બાબત.

★ આગ અટકાવવા બાબત, આગ ઓલવવામા મદદ કરવા બાબત તથા આગ લાગે ત્યારે જાનમાલનું રક્ષણ કરવા બાબત.

૫ **આયોજન તથા વહીવટના ક્ષેત્રે :**

★ ગામના વિકાસ માટે આયોજન કરવા બાબત

★ રાજ્ય સરકારની જમીન સુધારણાની યોજનાના અમલમાં સહાય કરવા બાબત.

★ ગામની આર્થિક મોજણી કરતાં, બેકાર કે અર્ધ બેકાર ગ્રામનિવાસીઓને રોજગારી મળે તેવા પ્રબંધ કરવા બાબત.

★ અંદાજપત્રો બનાવવા, હિસાબો એકત્રિત કરી રાખવા, ફંડોની સંભાળ રાખવી, તેનો ઉપયોગ કરવો, કરો નાખવા, ઉઘરાવવા, અને હિસાબી નિયમો પ્રમાણે કામ કરવા બાબત.

★ ગામના કોઈપણ હેતુ સારૂ કેન્દ્રીય અથવા રાજ્ય સરકારે આપેલી મદદનો ઉપયોગ કરવા બાબત.

★ ગામની સ્વતંત્ર મોજણી કરવા બાબત અથવા કેન્દ્ર કે રાજ્ય સરકાર તરફથી હાથ ધરાતી મોજણીમાં સહાય કરવા બાબત.

★ પંચાયત દ્વારા નોકરીમાં રાખવાના સ્ટાફની ભરતી, તાલીમ અને તે અંગે વ્યવસ્થા કરવા બાબત.

★ ગામના ગોંદરાં, ખળાવાડ, ગૌચર અને સામૂહિક જમીનની વ્યવસ્થા

કરવા બાબત.

★ પંચાયતો જે ફરિયાદોનો નિકાલ ન કરી શકે તે ફરિયાદો યોગ્ય અધિકારીઓને જણાવવા બાબત.

★ પંચાયતના દફતરો તૈયાર કરવા, તે નિભાવવા તથા તે વ્યવસ્થિત રાખવા બાબત.

★ રાજ્ય સરકારના આ અર્થે કોઈ સામાન્ય કે ખાસ હુકમથી ફરમાવે તેવા નમૂનામાં અને તેવી રીતથી જન્મ, મરણ, અનેલગ્નની નોંધણી કરવા બાબત.

★ મકાનોને નંબર આપવા બાબત :

**૬ સામૂહિક વિકાસ ક્ષેત્રે**

★ અપંગ, અકિંચન અને માંદા માણસોને રાહત આપપા બાબત.

★ કોઈપણ કુદરતી આપત્તિ આવી પડે ત્યારે સંકટગ્રસ્તોને સહાય.

★ આર્થિક ને સામાજિક ક્ષેત્રે સહકારી પ્રવૃત્તિનું સંગઠન કરવા, તેને ઉત્તેજન અને સહાય આપવા બાબત.

★ કુટુંબ નિયોજનનો પ્રચાર કરવા બાબત.

★ સામૂહિક કામો અને ગ્રામોદ્ધારના કામો માટે ગામની શ્રમ-શક્તિનું ઐચ્છિક ધોરણે સંગઠન કરવા બાબત.

★ વાજબી ભાવની દુકાનો ખોલવા બાબત.

**૭ ખેતીવાડી જંગલ અને ગોચરના સંરક્ષણ ક્ષેત્રે**

★ ખેતીવાડી જંગલ સુધારણા માટે આયોજન કરવા બાબત.

★ ખેતી ઉત્પાદન વધારવાના હેતુથી ગામમાં વાવેતરનું ઓછામાં ઓછું ધોરણ ઠરાવવા બાબત.

★ ખેતી માટે પ્રયોગાત્મક ક્ષેત્રોની સ્થાપના તથા વ્યવસ્થા કરવા બાબત.

★ અનાજની વખારોની સ્થાપના તથા નિભાવ

★ રાજ્ય સરકારે પંચાયતને સુપરત કરેલ પડતર અને ખરાબાની જમીન ખેતી લાયક બનાવવા માટે યોગ્ય પ્રબંધ કરવા બાબત.

- ★ ખાતરના સાધનોની જાળવણી કરવા બાબતે, મિશ્ર ખાતર તૈયાર કરવા બાબત તથા ખાતરના વેચાણ બાબત.
- ★ સુધારેલું બિયારણ પ્રાપ્ત કરવા, સુધારેલા બિયારણના કેન્દ્રની સ્થાપના કરવા તથા સુધારેલ બિયારણનો ઉપયોગ વધે એવો પ્રબંધ કરવા બાબત.
- ★ ખેતી માટે સુધારેલા ઓજારોનો પ્રચાર કરવા તથા એવાં ઓજારો સરળતાથી મળે તેવો પ્રબંધ કરવા બાબત.
- ★ સહકારી ખેતીની અભિવૃદ્ધિ-વિકાસ-કરવા બાબત.
- ★ પાકના અખતરા અને પાકનું રક્ષણ કરવા બાબત.
- ★ નાની સિંચાઈના કામો તથા ખેતરના નાના બંધારા બાંધવા અને નિભાવવા તથા પાણીની યોગ્ય વહેંચણી માટે યોગ્ય પ્રબંધ કરવા બાબત.
- ★ ગામના વગડા, ગોચર અને ફળઝાડની વાડીના વિકાસ, રક્ષણ, સુધારણા બાબત.
- ★ ખેતીને નુકશાન કરતાં જાનવરોનો ખેતી-રક્ષાની દ્રષ્ટિએ યોગ્ય પ્રબંધ કરવા બાબત.

**૮ પશુસંવર્ધન ક્ષેત્રઃ**

- ★ પશુ અને પશુ સંવર્ધનની સુધારણા હાથ ધરવા બાબત.
- ★ પશુની સામાન્ય સુખાકારી કરવા બાબત.
- ★ પશુ સંવર્ધનના હેતુઓ માટે સારી ઓલાદના ધણખુંટની વ્યવસ્થા અને નિભાવ બાબત.
- ★ દુધની ડેરીના ઉદ્યોગને ઉત્તેજન આપવા બાબત.

**૯ ગ્રામોદ્યોગ :**

- ★ ગામની ઔદ્યોગિક અને રોજગારી શક્તિની મોજણી અને આયોજન કરવા બાબત.
- ★ હાથકંતામણ, હાથવણાટ, રંગાટકામ, છાપકામ, ભરતકામ,

સિવણ, ઘાણી ઉદ્યોગ, ચર્મોદ્યોગ, માટી ઉદ્યોગ, સુથારીકામ, લુહારકામ, ખેતીના કાચામાલનું પાકા માલમાં રૂપાંતર કરવાના ઉદ્યોગ, અન્ય ગ્રામ ઉદ્યોગોને તથા ગામની કોઈ (પ્રાચીન-કળાત્મક)વિશિષ્ટ કળા કારીગરી હોય તો તેને સજીવન કરવા અને એની સુધારણા કરવા તથા વિકાસ કરવા માટે જરૂરી રક્ષણ, ઉત્તેજન અને સહાય આપવા બાબત.

★ ગ્રામોદ્યોગ તથા કળાકારીગરો માટે જોઈતા માલનો યોગ્ય પ્રબંધ કરવા બાબત.

★ ગ્રામોદ્યોગ માટે આધુનિક અને સુધારેલા સાધનો કારીગરો અપનાવે, વસાવે, એ માટે પ્રયત્ન કરવા અને આવા સાધનો એમને સરળતાથી મળી રહે એવો પ્રબંધ કરવા બાબત.

★ ગ્રામોદ્યોગ અને હસ્તકળા કારીગરીના શિક્ષણ માટે કારીગરોને યોગ્ય ઉત્તેજન અને સહાય આપવા બાબત.

★ સહકારી ધોરણે ગ્રામોદ્યોગનું સંગઠન, સંચાલન અને વિકાસ થાય એવો પ્રબંધ કરવા બાબત.

**૧૦ જમીન મહેસુલની વસુલાત ક્ષેત્રે :**

★ કલમ ૧૬૮ મુજબ રાજ્ય સરકારે સત્તા આપી હોય ત્યાં જમીન મહેસૂલની વસૂલાત કરવા બાબત.

★ જમીન મહેસૂલને લગતા કોઈપણ કાયદાથી અથવા તે હેઠળ વખતોવખત ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવા નમૂનામાં જમીન મહેસૂલને લગતા દફતરની જાળવણી કરવા બાબત.

# આવેદનપત્રનો ટૂંક સાર

૭૩મા બંધારણીય સુધારા અન્વયે સને ૧૯૯૩માં ગુજરાતના પંચાયત ધારામાં સુધારા વધારા કરવાની વિચારણા ચાલતી હતી ત્યારે ગુજરાત પંચાયતી રાજ વિકાસ સંગઠન તરફથી આ બાબતનું એક આવેદનપત્ર રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીને મોકલવામાં આવ્યું હતું. તથા તેની નકલો ગુજરાતના ધારાસભ્યો, તાલુકા/જીલ્લા પંચાયતના પ્રમુખો અને અન્ય આગેવાનોને મોકલવામાં આવી હતી. વળી 'પ્રયોગ દર્શન'માં પણ તે પ્રગટ થયું હતું. આ આવેદન પત્રનો ટૂંક સાર નીચે આપ્યો છે.

(૧) ગ્રામસભાને પંચાયતનું બજેટ મંજુર કરવા સહિતના વધુ અધિકાર આપીને મજબુત બનાવવી જોઈએ.

(૨) સરપંચની ચૂંટણી સમગ્ર ગામના મતદારોએ કરવી જોઈએ.

(૩) ત્રણેય સ્તરની પંચાયતોની ચૂંટણીઓને પક્ષીય ધોરણે લડાતી ચૂંટણી પદ્ધતિથી મુક્ત રાખવી જોઈએ.

(૪) કોઈપણ ઉમેદવાર કેતેના ટેકેદારો પોતે ચૂંટણી ખર્ચ કરી શકે નહિ. ચૂંટણી કમિશનરે ઠરાવેલા ધોરણે ઉમેદવારે પોતાનો ફાળો કમિશનર હસ્તકના ચૂંટણી ફંડમાં જમા કરાવવો જેમાંથી ચૂંટણી કમિશનર ઉમેદવારો માટે માન્ય પ્રકારનો ખર્ચ કરશે.

(૫) સૌથી વધારે માન્ય મત મેળવનાર ઉમેદવારને મળેલ મતો જો કુલ માન્ય મતોના ૪૦ ટકાથી ઓછા હોય તો તેવા મતદાર મંડળના કોઈપણ ઉમેદવારને ચૂંટાયેલો જાહેર કરી શકાશે નહિ. તેવી જોગવાઈ કરવી જોઈએ.

(૬) કોઈપણ ઉમેદવાર મત મેળવવા પાત્ર નથી એવા નકારાત્મક મત આપવાની વ્યવસ્થા મતપત્રમાં હોવી જોઈએ. આવા નકારાત્મક મતની સંખ્યા ૫૦ ટકાથી વધારે હોય તો તેવા મતદાર મંડળના કોઈપણ ઉમેદવારને ચૂંટાયેલો જાહેર કરી શકાશે નહિ.

(૭) પોતે ચૂંટેલા સદસ્યને પાછા બોલાવી લેવાનો અધિકાર (Right

to Recall) સંબંધિત મતદાર મંડળને હોવો જોઈએ. આ માટે કડક પણ સાચી દિશાના નિયમો બનાવવા જોઈએ.

(૮) ધર્મ, કોમ, ન્યાત જાતના ધોરણે ચૂંટણી લડતા ઉમેદવારની ઉમેદવારી રદ કરવાની જોગવાઈ થવી જોઈએ.

(૯) ચૂંટણી પંચ ત્રણ સભ્યોનું બનેલું હોવું જોઈએ.

(૧૦) સ્ત્રીઓ માટે ૪૦ ટકા બેઠકો ત્રણેય સ્તરની પંચાયતોમાં અનામત રાખવી જોઈએ. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિ માટે વસ્તીના પ્રમાણમા અને બક્ષીપંચ માટે ૧૦ ટકા બેઠકો અનામત રાખવી જોઈએ. આ ત્રણેય વર્ગોની જેટલી અનામત બેઠકો હોય તેમાં ૪૦ ટકા બેઠકો તે વર્ગોની સ્ત્રીઓની રાખવી જોઈએ.

(૧૧) ત્રણેય સ્તરની પંચાયતોના અધ્યક્ષપદોમાં અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે વસ્તીના પ્રમાણમાં, બક્ષીપંચ માટે ૧૦ ટકાના ધોરણે અને સ્ત્રીઓ માટે ૪૦ ટકા પદો અનામત રાખવા. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ આ ત્રણ વર્ગના જેટલાં પદો થાય તેમાં ૪૦ ટકા પદો તે વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રાખવાં જોઈએ.

(૧૨) ગ્રા.પં. ના સરપંચ તા.પં.માં અને તા. પં.ના અધ્યક્ષ જી.પં. સભામાં મત આપવાના અધિકારવાળા સભ્યો થવા જોઈએ.

(૧૩) નાણા પંચ હાઈકોર્ટના ચાલુ કે નિવૃત જજના અધ્યક્ષપદે ત્રક્ષ સભ્યોનું હોવું જોઈએ. આમાંના એક સભ્ય નાણાંકીય વ્યવહારના નિષ્ણાત હોવા જોઈએ.

(૧૪) પંચાયત સેવા પંચ પણ હાઈકોર્ટના નિવૃત જજના અધ્યક્ષપદે પાંચ સભ્યોનું હોવું જોઈએ.

(૧૫) ચૂંટણી પંચ, નાણા પંચ અને પંચાયત સેવા પંચના સદસ્યો કોઈ પણ પક્ષના સભ્ય હોવા ન જોઈએ. પોતે બિનપક્ષીય રીતે અને માત્ર જાહેર હિતને ધ્યાનમાં લઈને ફરજ બજાવશે એવા સોગંદ હોદ્દો સંભાળતી વખતે તેમણે લેવા જોઈએ.

(૧૬) ન્યાય પંચાયતની રચના તાલુકા કક્ષાએ એક કાયમી ન્યાયાધીશના અધ્યક્ષપદે સંબંધિત ગામની ગ્રામસભાએ ચૂંટેલા બે ન્યાયપંચો સહિતની હશે. વળી ગ્રામસભાએ નીમેલ સમાધાન પંચ નિકાલ ન કરી શકે તેવા કેસો ન્યાય પંચાયતે ચલાવવા. એના ઉપર એક અપીલની જોગવાઈ રાખવી.

વળી ન્યાય પંચાયત ચલવી શકે તેવા દાવા કે ગુનાની યાદીને વિસ્તૃત કરવી જોઈએ. જેમાં જુગાર, દારૂ ગાળવો કે વેચવો વગેરેનો પણ સમાવેશ થવો જોઈએ.

(૧૭) તમામ સ્તરના પંચાયતોના સભ્યોને વિકાસ અને વહીવટ અંગેની તાલીમ સ્વૈચ્છિક સંસ્થાઓના સહકારથી આપવાનો વ્યાપક કાર્યક્રમ સરકારે સત્વરે અમલમાં મૂકવો જોઈએ.

(૧૮) વિધેયકને સિલેક્ટ કમિટીને સોંપવું જોઈએ અને બહોળી પ્રસિદ્ધિ આપીને વ્યાપક અને જાહેર ચર્ચા પછી જ તેને વિધાનસભાએ અધિનિયમનું રૂપ આપવું જોઈએ.

# ગ્રામ પંચાયતના હોદ્દેદારો અને સભ્યોએ લેવા જેવો સંકલ્પ

આપણે સંકલ્પ કરીએ કે :-

૧ આપણા હકુમતનાં ગામ કે ગામોને સમયબધ્ધ રીતે રળિયામણાં બનાવીશું.

૨ આ માટે ગામના તમામ લોકોને સમજાવટથી તૈયાર કરીશું.

૩ ગામના નબળા વર્ગોના વિકાસ માટે અને તેમની સાથે ન્યાયોચિત વર્તન થાય તે માટે ખાસ કાળજી રાખીશું.

૪ જુથ ગામ પંચાયતનાં નાનાં કે નબળાં ગામોના વિકાસ માટે મુખ્ય/મોટું ગામ હોંશભેર પ્રયત્નશીલ રહે તે માટે અમે સજાગ રહીશું.

૫ ગ્રામ પંચાયતને અમે સત્તાના સાધન તરીકે નહિ પણ સેવાના સાધન તરીકે લેખીશું અને તે રીતે વર્તીશું.

૬ અમે જુથ, જાતિ, જ્ઞાતિ, કોમ કે હરકોઈ પ્રકારના ઉંચનીચના ભેદભાવથી પર રહીને સમગ્ર ગામના હિતમાં વહીવટ કરીશું.

૭ અમારા વહીવટ ઉપર ભ્રષ્ટાચારનો પડછાયો પણ ન પડે તે રીતે સભાનતાપૂર્વક વર્તીશું.

૮ ગ્રામસભામાં સમગ્ર ગામનાં આશા અને અરમાનનો ચેતનવંતો પડઘો પડે અને ગ્રામસભા ગામના સામુહિક પુરૂષાર્થના પ્રેરક સ્રોત તરીકે વિકસે તેવો જાગૃત પ્રયત્ન કરીશું.